આજનો સુવિચાર

જયાં કર્મ હોય ત્યાં ઈશ્વર હોય જ... જો સારા કર્મ કરો તો સાથે અને ખરાબ કર્મ કરો તો સામે...

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૬૨ જૂનાગઢ તા.૧૯-૦૨-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 62, Junagadh : Date : 19 February, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ભારત પાસે ઘણા પૈસા છે અમે તેમને શા માટે મદદ કરીએ ?-ટ્રમ્પ

### વિશ્વના સૌથી વધુ ટેકસ ઉઘરાવતા દેશોમાં ભારતનો સમાવેશ થતો હોવાની ગર્ભીત ટકોર કરી



વોશીંગ્ટન, તા.૧૯ : યુએસ સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી એ ભારતમાં વોટર ટર્નઆઉટ માટે ફાળવવામાં આવેલ ૨૧ મિલિયનનું ભંડોળ રદ કર્યું છે. આ અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણય પર પોતાનો અભિપ્રાય આપતા કહ્યું કે ભારત એક ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ છે, અને ત્યાં કર દર પણ ખૂબ ઊંચા છે, તેથી ભારતને આવી નાણાકીય સહાયની જરૂર નથી.ટ્રમ્પે આ ભંડોળ વિશે કહ્યું આપણે ભારતને ૨૧ મિલિયન ડોલર કેમ આપી રહ્યા છીએ ? તેમની પાસે ઘણા પૈસા છે. તેઓ વિશ્વના સૌથી વધુ કર ચૂકવતા દેશોમાંનો એક છે. તેથી આપણે ભારતમાં વ્યવસાય કરવા માટે ભાગ્યે જ પ્રવેશી શકીએ છીએ કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે. મને ભારત અને તેમના વડાપ્રધાન પ્રત્યે ખૂબ માન છે, પરંતુ મતદારોના મતદાન માટે ૨૧ મિલિયન ડોલર આપવા તે બાબત સમજણ બહાર છે.

## સોનાનો ભાવ રૂા.૧ લાખને આંબી જશે

ન્યુયોર્ક તા.૧૯ : ગોલ્ડમેન સાકસ અને યુનાઈટેડ બેન્ક ઓફ સ્વિટ્ઝરલેન્ડ (UBS)એ સોનાનો ભાવ ૨૦૨૫ના અંત સુધીમાં ૩૧૦૦થી ૩૨૦૦ ડોલર (૧૦ ગ્રામના રૂા.૧ લાખ) થઈ જવાની આગાહી કરી છે. ટ્રમ્પ દ્વારા ટેરિફવધારાને કારણે ટ્રેડ-વોરના જોખમ સાથે વર્લ્ડની અનેક બેન્કો રેટ-કટ લાવી રહી હોવાથી સોનાની ખરીદીનું આકર્ષણ વધી રહ્યું હોવાથી સોનામાં તેજીની આગેકૂચ ચાલુ રહેશે.

## રાજકોટની હોસ્પિટલના CCTV ફૂટેજ વેચનારા બે નરાધમોને અમદાવાદ પોલીસે મહારાષ્ટ્રમાંથી ઝડપી લીધા

અમદાવાદ તા.૧૯ રાજકોટની હોસ્પિટલમાં મહિલાઓના સારવાર દરમિયાનના ચેકઅપના સીસીટીવી ફુટેજ વેચવાના કૌભાંડમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રથી બે આરોપીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ ટેલિગ્રામ ચેનલમાં આ પ્રકારના દશ્યો વેચતા હતા. તેના માટે તેઓ લોકો પાસેથી મોટી રકમ લેતા હોવાની વિગતો પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પાસે આવી છે. બીજી તરફ રાજકોટની હોસ્પિટલમાંથી સીસીટીવી આઈપીના આધારે હેક થયા હોવાની પણ સ્પષ્ટતા અમદાવાદ સાયબર ક્રાઈમ પાસેથી થઈ રહી છે. ટૂંક સમયમાં મહારાષ્ટ્રથી બન્ને આરોપીને લઈ અમદાવાદ સાઈબર ક્રાઈમ ગુજરાત પહોંચશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી પાસેથી મળતી માહિતી પ્રમાણે, મહિલાઓના સારવાર દરમિયાન સીસીટીવી ફૂટેજ મેળવીને અલગ-અલગ લોકોને ટેલિગ્રામ ચેનલ પર જોવા માટે લિંક મોકલવાના પ્રકરણમાં બે આરોપીને અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહારાષ્ટ્રના બે અલગ-અલગ જિલ્લામાંથી ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ પહેલાથી આ પ્રકારે મહિલાઓના અશ્લીલ વીડિયો વેચીને કમાણી કરતા હતા. હજી પણ આ સમગ્ર દિશામાં તપાસ ચાલી રહી છે. આ બંને આરોપીને અમદાવાદ સાબર ક્રાઈમ બ્રાન્ચ લાવ્યા બાદ તેની વધુ પૂછપરછ કરવામાં આવશે.

## આજે દિલ્હીના મુખ્યમંત્રીના નામની જાહેરાત થશે આવતીકાલે રામલીલા મેદાન ખાતે શપથવિધી

નવી દિલ્હી તા.૧૯ દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોના ૧૧ દિવસ પછી, આજે મંગળવારે મુખ્યમંત્રીનું નામ જાહેર કરવામાં આવશે. આ માટે પ્રદેશ કાર્યાલયમાં ધારાસભ્ય દળની બેઠક મળશે. બેઠકનો સમય હજુ નક્કી નથી. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે મુખ્યમંત્રી ચૂંટાયેલા ધારાસભ્યોમાંથી હશે. બેઠકમાં કેબિનેટ મંત્રીઓના નામની પણ જાહેરાત થઈ શકે છે.

શપથ ગ્રહણ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ રામલીલા મેદાનમાં યોજાશે. તેની તૈયારીઓની જવાબદારી પાર્ટીના મહાસચિવો વિનોદ તાવડે અને તરુણ ચુઘને સોંપવામાં આવી છે. મંગળવારે બંને નેતાઓએ તૈયારીઓનો અહેવાલ લીધો હતો.

## ઝારખંડમાં પાન-મસાલા-ગુટખાના વેચાણ, સંગ્રહ, ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ

રાંચી તા.૧૯: ઝારખંડ સરકારે રાજ્યમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણયની જાહેરાત કરતા રાજ્યના આરોગ્ય મંત્રી ડો. ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હેમંત સોરેનના સ્વસ્થ ઝારખંડના સ્વપ્નને સાકાર કરવા માટે આ કડક પગલું લેવામાં આવ્યું છે. આ પ્રતિબંધ માત્ર એક નિયમ નથી પણ ઝારખંડના યુવાનોને ડ્રગ્સના વ્યસનના ચુંગાલમાંથી બચાવવા માટે એક ક્રાંતિકારી પહેલ છે.

મંત્રી ડો. અન્સારીએ કહ્યું, ‘‘આરોગ્ય સાથે રમત કોઈપણ કિંમતે સહન કરવામાં આવશે નહીં. ગુટખા અને પાન મસાલાના કારણે કેન્સર જેવા જીવલેણ રોગો ઝડપથી વધી રહ્યા છે.

## જ્ઞાનેશકુમારે દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નરનો ચાર્જ સંભાળ્યો



નવી દિલ્હી તા.૧૯ ૧૯૮૮ બેચના IAS અધિકારી જ્ઞાનેશ કુમારે બુધવારે દેશના ૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. નવા કાયદા હેઠળ નિયુક્ત થનારા તેઓ પ્રથમ સીઈસી છે. તેમનો કાર્યકાળ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૯ સુધી રહેશે. અગાઉ, સીઈસી પદ સંભાળનારા રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થયા હતા.

જ્ઞાનેશ કુમારના ૪ વર્ષના કાર્યકાળ દરમિયાન ૨૦ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશ (પુડુચેરી)માં ચૂંટણીઓ યોજાશે. તેની શરૂઆત બિહારથી થશે અને અંતિમ ચૂંટણી મિઝોરમમાં યોજાશે.

## કોલકતામાં ૭ માહિનાની બાળકી પર દુષ્કર્મ કરનાર આરોપીને ફાંસીની સજા

કોલકાતા તા.૧૯ : કોલકાતામાં બડતલ્લા વિસ્તારમાં ફૂટપાથ પરથી એક સાત માસની બાળકીને ઉપાડી ગયાં બાદ તેનાં પર બળાત્કાર ગુજારવા બદલ બેન્કશાલની અદાલતે મંગળવારે બપોરે એક વ્યક્તિને મોતની સજા ફટકારી હતી. કાયદાનાં નિષ્ણાતોએ આ નિર્ણયને ખરેખર અભૂતપૂર્વ ગણાવ્યો છે. બાળકી હાલ સ્વસ્થ છે. જો કે, કોર્ટ માને છે કે સાત મહિનાની છોકરી પર જે રીતે બળાત્કાર કરવામાં આવ્યો છે, તે દુર્લભ ગુનામાંનો એક છે.

કોર્ટે ઘટનાનાં ૮૦ દિવસની અંદર રાજીવ ઘોષ નામનાં બળાત્કારના આરોપીને મૃત્યુદંડની સજા સંભળાવી હતી. આની સાથે, પીડિતાના પરિવારને પણ ૧૦ લાખ રૂપિયાના વળતરનો આદેશ આપવામાં આવ્યો છે.૩૦ નવેમ્બરના રોજ શહેરનાં ફૂટપાથ પર રહેતાં એક દંપતીએ બડતલ્લા પોલીસ સ્ટેશનમાં બાળકી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

થોડાં કલાકો પછી, બાળકી ફૂટપાથ પરથી મળી આવી હતી, તેની હાલત ગંભીર હતી. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તપાસમાં તેનાં પર બળાત્કાર થયો હોવાનું સામે આવ્યું હતું.

## ગુજરાત વિધાનસભા બજેટસત્રનો પ્રારંભ : આવતીકાલે બજેટ રજુ થશે

ગાંધીનગર તા.૧૯ આજથી ગુજરાત વિધાનસભાનાં બજેટસત્રનો પ્રારંભ થયો છે. આવતીકાલે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વિધાનસભામાં ભાજપ સરકારનું બજેટ રજુ કરશે. આજે બજેટસત્રના પ્રારંભે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.મનમોહનસિંઘ અને દિવંગત ધારાસભ્યોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. રાજયપાલના પ્રવચન બાદ શોકદર્શક ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો હતો.

### :: સમાચાર રાઉન્ડઅપ ::

- ભારતમાં પ્રત્યેક પાંચમો પુરૂષ પીવાનો શોખીન : ગોવામાં સૌથી વધુ લોકો દારૂ પીએ છે.
- અફઘાન સરહદે પાકિસ્તાનનું મોટુ ઓપરેશન : ૩૦ આતંકવાદીઓ ઠાર.
- કેન્દ્ર સરકાર ૯ થી ૧૬ વર્ષની છોકરીઓને કેન્સરની રસી આપશે.
- ટ્રમ્પના ટેરીફથી ભારતીય નિકાસકારોને ૭ અબજ ડોલરનું નુકશાન થયુ.
- આજે મહાકુંભનો ૩૮ મો દિવસ : અત્યાર સુધી ૫૫ કરોડ લોકોએ સ્નાન કર્યું.
- રાજયના મહિલા બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા તાપણુ તાપતા દાઝી ગયા : ઝાયડસમાં સારવાર હેઠળ.
- બેન્ક વિમા કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ વધશે.
- કેન્સર, ડાયાબીટીસ, બ્લડપ્રેશર જેવી બિમારીની વિનામૂલ્યે તપાસ થશે, ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ દરમ્યાન દેશવ્યાપી અભિયાન ચલાવાશે.




# જૂનાગઢ શિવરાત્રિના મેળામાં સી.સી.ટી.વી.નો ચમત્કાર ધાર્મિક છેતરપિંડી ઉપર લગામ, "શિવરાત્રીના મેળામાં બનાવટી દિગમ્બર સાધુથી સાવધાન" : વિજ્ઞાન જાથા

**છેલ્લા ૩ વર્ષથી છેતરપિંડીના બનાવો ઘટી રહ્યા છે : મેળામાં ગાંજો, માદક પદાર્થોથી સાવધાની રાખવા અપીલ, ટેક્નોલોજીના કારણે બનાવટી નાગા બાવાઓ ઉપર નિયંત્રણ : મેળામાં સુશાસન વ્યવસ્થાને બિરદાવતું વિજ્ઞાન જાથા**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૯

જૂનાગઢમાં મહાકુંભ શિવરાત્રી-મેળાનો દરજ્જો મળ્યો છે ત્યારથી સરકારી તંત્રે ખાસ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી શ્રદ્ધાળુઓ માટે લાભપ્રદ સાબિત થયું છે. મેળામાં ઠેરઠેર છુપીઆ કેમેરા ગોઠવવાના કારણે છેતરપિંડી, અશોભનીય વર્તન, વાણી, વ્યવહાર ઉપર નિયંત્રણ આવ્યું છે તેમાં બેમત નથી. આ વર્ષે મેળો ફેબ્રુઆરી તા. ૨૨ થી તા. ૨૬ સુધી યોજાવાનો છે જેમાં સૌ કોઈને આદર સાથે ધાર્મિક અહોભાવ જોવા મળે છે. પાછલા વર્ષોમાં પરપ્રાંતિય સાથે બનાવટી દિગમ્બર સાધુના તર્કટથી અનેક શ્રદ્ધાળુઓ ભોગ બન્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. પરંતુ છેલ્લા ૩ વર્ષથી છુપા કેમેરાના કારણે છેતરપિંડીના બનાવો અટકયા છે તેવું સ્પષ્ટ જોવા મળે છે. આ વર્ષે બનાવટી પરપ્રાંતીય બાવાઓથી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે અગાઉના વર્ષોમાં મેળા ઉપરાંત બનાવટી વેશભૂષામાં ધાર્મિક વેશપરિધાન, દિગમ્બર સાધુનું તર્કટ રૂપ ધારણ કરીને લોકો સાથે છેતરપિંડીના કિસ્સામાં જાથાએ નજરે જોઈ પર્દાફાશ કર્યા હતા. તેમાં મદારી અને ગુન્હાહિત માનસ ધરાવતા લેભાગુ બનાવટી વેશધારણ કરી પોતાના શરીર ઉપર અંગ કસરત, કેફી પીણું, પ્રસાદમાં મિશ્રણ કરી બેશુદ્ધ અવસ્થાનો લાભ લેતા નજરે પડયા હતા તેવા અનેક કિસ્સા જાથાએ લોકો સમક્ષ મુક્યા છે તેના કારણે દર વર્ષ જુનાગઢ શિવરાત્રીના મેળામાં સર્વાંગી સાવધાની રાખવા લોકોને જાગૃત કરવામાં આવે છે. જાથા ઈશ્વર-ભગવાન વિરોધી સંસ્થા નથી. સાચા સાધુ-સંતો પ્રત્યેમ કાયમ આદર રાખે છે. સરકાર તરફના તકેદારીના પ્રયાસો સરાહનીય જોવા મળે છે તેનો જાથાને આનંદ છે.

વધુમાં જાથાના પંડયા જણાવે છે કે મેળામાં બનાવટી રાવટી, ધાર્મિક માહોલ, આકર્ષણ થાય તેવા ભક્તિ-ભાવ, શ્રદ્ધાનો ઉન્માદ જોવા મળે તેવા તર્કટ તંબુમાં પ્રવેશતા ત્યાં આપવામાં આવતો પ્રસાદ, ચલમ કે કેફી દ્રવ્ય પીતા સાવધાની રાખવા જાથા અપીલ કરે છે. બનાવટી બાવા ખાસ કરીને યુવાવર્ગને નિશાન બનાવી ચલમની ઘૂંટનો આગ્રહ રાખી યેનકેન છેતરપિંડી કરે છે. બેભાન અવસ્થામાં આવતાની સાથે શરીર ઉપરની ચીજવસ્તુ ગાયબ થઈ જાય છે. વર્તમાન સ્થિતિ ધ્યાને રાખી પુરતી તકેદારી સાથે બનાવટી દિગમ્બર સાધુનાં અંગ કસરતો, પ્રસાદ, ચલમની ઘુંટ, કેફી પદાર્થ ઉન્માદના કારણે પીવાથી પોતાના શરીર ઉપરની કિંમતી વસ્તુઓ, રૂપિયાના પાકીટ, સોનાના ચેઈન, દાગીના ગુમ ન થાય તે માટે ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી લોકોને અનુરોધ કરે છે. અગાઉના વર્ષોમાં તો બનાવટી દિગમ્બર સાધુની ફૌઝ ઉતરતી તેના કારણે અનેક છેતરાયા હતા. શંકાસ્પદ વસ્તુ, પીણું કે અંગ કસરતમાં ઘડીયાળ, વીંટી મુકવી નહિ, મોહ-માયામાં આવી જવું નહિં તેમ જાથા જણાવે છે.

જૂનાગઢ ગરવા ગિરનારની ગોદમાં

# શિવરાત્રીનાં મેળા દરમ્યાન રવિ રાંદલ માતાજીનાં આશ્રમ ખાતે હર હર ગંગે સાર્વજનિક અન્નક્ષેત્ર શરૂ થશે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ ગરવા ગિરનારની ગોદમાં બિરાજતા ભવનાથ મહાદેવના સાનિધ્યમાં આ વર્ષે પણ મહા શિવરાત્રી મેળો ધામ ધુમથી ઉજવવામાં આવશે. આ મેળામાં આ વર્ષે પણ ૧૯૮૩થી અવિરત સેવા આપતું મહેશ બાપા વેગડા અને રણછોડ આચાર્યના આશીર્વાદથી કાર્યરત રવિ રાંદલ માતાજીના આશ્રમ ખાતે હર હર ગંગે સાર્વજનિક અન્નક્ષેત્રનો પ્રારંભ મેળા દરમ્યાન તારીખ ૨૨ થી ૨૬ થઈ રહ્યો છે. આ મેળા દરમ્યાન આવતા શ્રદ્ધાળુઓને જમાડવા આવશે. પ્રસાદી સમય બપોરે ૧૨:૩૦થી રાત્રે ૯:૩૦ સુધી રહેશે અને રાત્રે ૧૦થી સવારે ૭ વાગ્યે સુધી નામી અનામી કલાકારો દ્વારા ભજન સંતવાણી પીરસવામાં આવશે. તો આ હર હર ગંગે સાર્વજનિક અન્નક્ષેત્ર પ્રસાદ લેવા અને સંતવાણીનો લાભ લેવા જૂનાગઢ એએસ પોલીસ ઉમેશભાઈ વેગડા તથા તેમના ધર્મ પત્ની કૈલાસબેન વેગડા ધર્મ પ્રેમી જનતાને આમંત્રણ પાઠવે છે અને આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે બન્ને પતિ-પત્ની ઉમેશભાઈ વેગડા, કૈલાસબેન વેગડા જહેમત ઉઠાવી રહ્યા છે.

# દ્વારકા જિલ્લામાં ત્રણ નગરપાલિકા તેમજ બે તાલુકા પંચાયતના ચૂંટણી પરિણામો જાહેર







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકા જિલ્લાની ત્રણ નગરપાલિકાઓ તેમજ બે તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જેમાં બે નગરપાલિકાઓમાં ભાજપ સરકાર કરી છે. જ્યારે એક નગરપાલિકામાં કોંગ્રેસને સત્તા અસર કરી છે જ્યારે અન્ય બે તાલુકા પંચાયતોમાં ભાજપ અને કોંગ્રેસના ફાળે એક એક બેઠક આવી છે. દ્વારકામાં નગરપાલિકાના પરિણામોની વાત કરવામાં આવે તો દ્વારકા નગરપાલિકાની સાત વોર્ડની ૨૮ બેઠકોમાંથી તમામ બેઠકો પર ભાજપ એ ભવ્ય વિજય મેળવ્યો હતો. વિપક્ષના ફાળે એક પણ બેઠક મળી ન હતી. દ્વારકા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો ભાજપે તમામ ૨૮ બેઠકો પર વિજય મેળવી લીધો હતો. સલાયા નગરપાલિકાની જો વાત કરવામાં આવે તો સલાયા નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૧૫ બેઠકો કોંગ્રેસના ફાળે આવી હતી જ્યારે ૧૩ બેઠકો આમ આદમી પાર્ટીના ફાળે આવી હતી. સલાયા નગરપાલિકામાં ભાજપને એક પણ બેઠક મળી ન હતી. જ્યારે આમ આદમી પાર્ટી બહુમતીથી માત્ર બે બેઠક દૂર રહી હતી આમ સલાયામાં ફરી એક વખત કોંગ્રેસે સત્તા સંભાળી છે. વાત કરવામાં આવે ત્રીજી નગરપાલિકા ભાણવડની તો કુલ છ વોર્ડની ૨૪ બેઠકોમાંથી ૨૧ બેઠકો ઉપર ભાજપ એ ભવ્ય જીત મેળવી સત્તા કબજે કરી છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ત્રણ બેઠકો આવી હતી. આમ ભાણવડ નગરપાલિકામાં ભાજપ મેળવવામાં સફળ રહ્યું છે. દ્વારકા જિલ્લામાં બે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં એકમાં ભાજપ જ્યારે અન્ય એક બેઠકમાં કોંગ્રેસ જીત મેળવવામાં સફળ રહ્યું છે. કલ્યાણપુર તાલુકાની જુવાનપુર તાલુકા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર ૨૧૦ મતે વિજય મેળવવામાં સફળ રહ્યા હતા. જ્યારે ભરાણા તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસ ૬૧૦ મતે વિજય થઈ હતી. દ્વારકા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ માટે કંઈ ખુશી કહી ગમ જેવો માહોલ સર્જાયો હતો દ્વારકા નગરપાલિકામાં કોંગ્રેસે ખાતું પણ ખોલાવી શકી નથી તો સલાયામાં ભાજપનું ખાતું ખુલ્યું ન હતું. આમ બંને મુખ્ય પાર્ટીઓ માટે દ્વારકા જિલ્લાની ચૂંટણી ના પરિણામો મિશ્ર રહ્યા હતા.

# શું મેડિકલ ક્ષેત્રે એક્શનનું રી એક્શન તેજ સાચી દવા ચુંટણી પરિણામમાં પુરવાર થયું !?

**શું દેવભૂમિ દ્વારકા જીલ્લામાં લઘુમતી કોમના જ્યા ત્યાં બીન અધિકૃત બાંધકામ ઉપર બુલડોઝર ફેરવ્યાના નાનું પણ નોંધનીય એક્શનનું રી-એક્શન આવ્યું ??!!**

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૯

ગત માસે યાત્રાધામ બેટ દ્વારકા અને આસપાસના નિર્જન ટાપુઓ પાસે સુરક્ષાંની દ્રષ્ટિએ સ્ટ્રેટેજીક પોઈન્ટ જવા સ્થાનો સાથે તાલુકામાં ચોક્કસ લઘુમતી કોમ દ્વારા લાખો મીટર સરકારી જમીનો, ગોચરની જમીનો ઉપર ઝૂંપડાથી લઈ બંગલા અને કોમર્સીયલ હેતુ માટે દુકાનો ગોડાઉન જેવા બીન અધિકૃત બાંધકામ અને તેને રક્ષિત રાખવા ઉભા કરાયેલા ધાર્મિક સ્થાનો પણ ફક્ત ચોક્કસ લઘુમતી કોમ દ્વારા છેલ્લા દશ વર્ષમાં ઉભા કારાયેલ તેવા ટેસ્ટ કેસ સ્વરૂપના બાંધકામને રાજ્ય સરકાર દ્વારા ઓક્ટો ૨૦૨૨માં અને હવે આવનારા દિવસોમાં રાજ્યભરમાં તેનો અમલ કરવાના પાયલોટ પ્રોજેક્ટ સ્વરૂપે ફરીને જાન્યુઆરી ૨૦૨૫માં ઉતર પ્રદેશની માફક બુલડોઝર ફેરવી દૂર કરવાની કાર્યવાહીમાં આ અસરગ્રસ્તોને પોતાને અન્યાય થયો હોવાનું જાહેતમાં ના જણાવી "બુલેટ કા જવાબ બેલેટ" ના ન્યાયે દેવભૂમિ દ્વારકા જીલ્લાના જ સલાયા ગામની નગરપાલિકાની સામાન્ય ચુંટણીમાં આ ગામની મોટા ભાગની વસ્તી લઘુમતી કોમની હોય તેમની કોમની સાથે બેટ દ્વારકા અને આસપાસના વિસ્તારમાં તેમની કોમને ટાર્ગેટ બનાવી બીન અધિકૃત બાંધકામ દૂર કરવા બુલડોઝર ફેરવવાની કાર્યવાહિના કરાયેલા મેગા ડિમોલેશન ઓપરેશનના એક્શનનું રી એક્શન આવ્યું હોય તેમ બહાર આવેલ પરિણામમાં છેલ્લા દસ વર્ષથી સતા સંભાળતી આમ આદમી પાર્ટીનો સફાયો થયો છે ત્યારે અહીં આમ આદમી પાર્ટીને બહુમતી અને કોંગ્રેસને બાકીની અન્ય બેઠકોમાં વિજયી બનાવીને દેશભરમાં રાજ કરતા ભા.જ.પ.ને એક પણ બેઠક ઉપર જીતવાના દઈ મેગા ઓપરેશન ડિમોલેશનના "એક્શનના રી એક્શન" જ સાચી દવાના મેડિકલ સાયન્સના સિદ્ધાંતને પુરવાર કર્યાનું નકારી શકાતું નથી. ત્યારે હવે દેશભરમાં આમ આદમી પાર્ટીની કે તેમના કાર્યકરોની કોંગ્રેસમાં ઘર વાપસીની શરૂઆત પણ આવનાર દિવસોમાં અહીંથી થશે તો તેમાં આશ્ચર્યચકિત થવા જેવું જણાશે પણ નહીં કારણ કે આમ આદમી પાર્ટીના રાજ્ય પ્રમુખ ઈશુદાન ગઢવી છે અને ગત ચૂંટણીનો તેમના મત વિસ્તારનો એક ભાગ હોય તેનું આ પરિણામ બની રહે તો નવાઈ પામવા જેવું તે ગણાશે નહીં.

અભૂતપૂર્વ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સીમાચિહ્ન એવા

# બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અબુધાબીના લોકાર્પણના એક વર્ષની ભવ્ય ઉજવણી

**યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી, ભારતના યુ.એ.ઈ. ખાતેના રાજદૂત, સ્થાનિક અગ્રણીઓ સહિત કુલ ૨૦૦૦ ભક્તો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ વિશિષ્ટ કાર્યક્રમમાં આ ઐતિહાસિક મંદિરના સર્વતોમુખી પ્રદાનને બિરદાવવામાં આવ્યું : એક વર્ષમાં ૨૨ લાખ દર્શનાર્થીઓએ મંદિરની મુલાકાત લીધી**





ગત વર્ષે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, વસંત પંચમીના શુભ દિને અબુધાબીના ભવ્ય અને અદ્વિતીય મંદિરનો ઐતિહાસિક લોકાર્પણ સમારંભ યોજાયો હતો. માનવીય ઈતિહાસના એક સ્વર્ણિમ અધ્યાય સમા આ મંદિરના લોકાર્પણના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે, તા ૧૬ ફેબ્રુઆરી,૨૦૨૫ના રોજ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી ખાતે વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં મંદિરના લોકાર્પણના એક વર્ષની સાથે સાથે યુ. એ. ઈ. ના ‘યર ઓફ કોમ્યુનિટી’ ની ભવ્ય ઉજવણી યુ.એ.ઈ. સરકારના નેતાગણ, સ્થાનિક અગ્રણીઓ અને ભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમના પેટ્રન તરીકે યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી (મિનિસ્ટર ઓફ ટોલરન્સ) મહામહિમ શેખ નહયાન મબારક અલ નહયાન પોર્ટુગલથી ખાસ આ કાર્યક્રમ માટે પધાર્યા હતા. તેઓની સાથે પ્રેસિડેન્શિયલ કોર્ટના વિશેષ બાબતોના સલાહકાર એવા મહામહિમ શેખ મોહમ્મદ બિન હમદ બિન તહનૂન અલ નહયાન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ૪૫૦ કરતાં વધુ મહાનુભાવો, રાજદૂતો, સરકારી અધિકારીઓ, ધાર્મિક અગ્રણીઓ,૩૦૦ કરતાં વધુ સ્થાનિક અગ્રણીઓ સાથે કુલ ૨૦૦૦ ભક્તો,મહાનુભાવો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આજના દિવસે ૧૧,૦૦૦ જેટલાં દર્શનાર્થીઓ મંદિરની મુલાકાતે આવ્યા હતા.

‘મંદિર: ધ હાર્ટ ઓફ કોમ્યુનિટી’ થીમ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં યુ.એ.ઈ. માં ભારતના રાજદૂત શ્રી સંજય સુધીર, કોમ્યુનિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ મહામહિમ ડૉ. મુગીર ખામિસ અલ ખાઈલી, અબુધાબી પોલીસના કમાન્ડર-ઈન-ચીફ મહામહિમ જનરલ અહેમદ સૈફ બિન ઝૈતૂન અલ મુહૈરી વગેરે અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મંદિરની ઉપલબ્ધિઓની ઝાંખી કરાવતી વીડિયો પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી મહામહિમ શેખ નહયાન મબારક અલ નહયાનેએકતા, સંવાદિતા, શાંતિ અને સેવાના ઉદાહરણરૂપ આ મંદિર વિષે તેઓના સંબોધનમાં કહ્યું,“આ સુંદર મંદિર સ્થાનિક સમુદાયમાં એકતા પ્રેરવાનું કાર્ય કરી રહ્યું છે.”

આ સમગ્ર કાર્યક્રમની મંદિરના સર્વતોમુખી પ્રભાવને ઉજાગર કરતા અલગ-અલગ છ તબક્કામાં પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં મહાનુભાવો દ્વારા મંદિર વિષે સ્વાનુભવો રજૂ થયા હતા.

પહેલો તબક્કો: ગ્લોબલ કોમ્યુનિટી - ભારતના યુ.એ.ઈ. ખાતેના રાજદૂત શ્રી સંજય સુધીરે જણાવ્યું, “ભારત અને યુ.એ.ઈ. વચ્ચેની મિત્રતાનું સૌથી સબળ, અનુભવી શકાય તેવું કોઈ સ્વરૂપ હોય તો તે આ મંદિર છે.”

બીજો તબક્કો: ઈન્ટરફેઈથ હાર્મની- બોહરા મુસ્લિમ સમુદાયના અગ્રણી ઉદ્યોગપતિ મુફદ્દલ અલીએ જણાવ્યું કે ‘આ મંદિરમાંથી વહેતી આંતરધર્મીય સંવાદિતા અને સર્વસમાવેશકતાની ભાવનાના અનુભવે તેઓને મંદિરમાં તે પ્રદેશની સૌથી મોટી ‘૩ઙ પ્રિન્ટેડ વોલ’ (વોલ ઓફ હાર્મની)ના દાનની પ્રેરણા આપી.’

ત્રીજો તબક્કો: કોમ્યુનિટી વેલ્યુઝ - સ્થાનિક અગ્રણી શ્રી ઝુબિન કાકરિયાએ પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું કે ‘મંદિરે તેઓના બાળકોમાં સનાતન મૂલ્યોના સિંચનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે; મંદિર બાળકોને એવું વાતાવરણ પૂરું પાડી રહ્યું છે, જે સેવાના મૂલ્યોને સીંચીને ચારિત્ર્ય નિર્માણ કરે છે.’

ચોથો તબક્કો: ઈનર સ્ટ્રેન્થ - ઉભરતા ટેનિસ ખેલાડી હર્ષ પટેલે જણાવ્યું કે ‘એક ખેલાડી તરીકે તેમની સફરમાં મંદિર સ્પષ્ટતા, એકાગ્રતા અને ખંત કેળવવા માટે પ્રેરણાનો સ્રોત બની રહ્યું છે.’

પાંચમો તબક્કો: ફેઈથ - મંદિરમાં ગેસ્ટ સર્વિસિસ વિભાગના મુખ્ય વ્યક્તિ તરીકે અને અગાઉ આંતરરાષ્ટ્રીય શાળાઓના નિરીક્ષક એવા શ્રી ઉમેશ રાજાએ જણાવ્યું કે ‘ફક્ત ભક્તો માટે જ નહીં, પરંતુ હજારો મુલાકાતીઓ માટે મંદિર એવું સ્થાન છે, જે સૌની શ્રદ્ધાને પ્રજ્વલિત કરે છે, તેઓને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવે છે.’ અંતિમ તબક્કો: ઈનર હેપ્પીનેસ —કાર્યક્રમના સમાપનમાં પૂ. બ્રહ્મવિહારી સ્વામીએમંદિર નિર્માણમાં ભૂમિના દાનથી લઈને મંદિરનું ઉદાર હૃદયે સ્વાગત કરવા બદલયુ.એ.ઈ. ના નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો, સાથે-સાથે સ્વયંસેવકોનો તેમજ દાતાઓનો તેઓના નિસ્વાર્થ સમર્પણ અને ઉદારતા માટે આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે એક વર્ષમાં ૨૨ લાખ જેટલાં મુલાકાતીઓએ મંદિરની મુલાકાત લીધી, મંદિર દ્વારા ૧૩ લાખ મીલ્સ જેટલી નિઃશુલ્ક ભોજન સેવા થઈ, ૧૦૦૦ થી વધુ ધાર્મિક વિધિઓ થઈ, ૨૦ જેટલાં લગ્નો આયોજિત થયા. તેમણે જણાવ્યું કે આ આંકડા વાસ્તવમાં મંદિરના ઊંડા પ્રભાવ અને હેતુને ઉજાગર કરે છે, તે છે – લોકોને એકબીજાની નજીક લાવવા, તેઓમાં ખુશી પ્રસરાવવી, તેઓમાં મૂલ્યોનું સંવર્ધન કરવું.

તેમણે જણાવ્યું કે ‘મંદિર જે-તે સ્થાન, સમુદાયનું હૃદય છે, એક એવું સ્થાન, જે આત્માનું પોષણ કરે છે અને સમાજને મજબૂત કરે છે. જીવનમાં બધું પ્રાપ્ત કર્યા પછી પણ વ્યક્તિ કોઈક એવી પરિપૂર્ણતાને શોધે છે જે ખરીદી કે માપી શકાતી નથી. આ ખૂટતા તત્વને મંદિર પૂરું પાડે છે, તે છે—આંતરિક આનંદ. મૂલ્યોના સિંચન દ્વારા નિસ્વાર્થ સેવાની પ્રેરણા આપતા મંદિરનો પ્રભાવ સ્થાનાતીત છે, મંદિરનો આવો ચિરકાલીન પ્રભાવ સમગ્ર જીવનમાં પથરાઈ જાય છે, જે જીવનને સાર્થક બનાવે છે.’

# માંગરોળ ન.પા.માં વિજેતા બનેલા ભાજપનાં ઉમેદવારોનું ભવ્ય વિજય સરઘસ નીકળ્યું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૯ : માંગરોળ નગરપાલિકા ચુંટણીમાં ભાજપના વિજેતા ઉમેદવારો તેમજ ભાજપ હોદ્દેદારો કાર્યકરો સમર્થકો સાથે શહેરના મુખ્ય માર્ગ ઉપર કેસરીયા ઝંડા સાથે વિજય સરઘસ નીકળેલ હતું મુખ્ય ચોકમાં ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.

હવામાનની પેટર્ન બદલાઈ :

# ચારેય દિશામાં વરસાદની ચેતવણી! ગાજવીજ–વીજળીના ચમકારા સાથે ભારે પવન ફૂંકાશે

નવી દિલ્હી/અમદાવાદ તા. ૧૯

દેશમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે અને ઘણા રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ દરમિયાન ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ભારે પવન ફૂંકાશે. આગામી દિવસોમાં ચારેય દિશામાં વરસાદની ચેતવણી જાહેર કરાઈ છે. વરસાદ બાદ શિયાળાની તીવ્રતા ફરી એકવાર વધી શકે છે. ભારતીય હવામાન વિભાગ (સ્ઢ) એ આ અંગે ચેતવણી જાહેર કરી છે. અંબાલાલ પટેલે ૧૯ તારીખ સુધીની આગાહી કરી છે.

પશ્ચિમ હિમાલયના ક્ષેત્રમાં ૨૨ ફેબ્રુઆરી સુધી અને ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાનોમાં ૧૯-૨૦ ફેબ્રુઆરી સુધી વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. આગામી ૪-૫ દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ, મધ્ય અને ઉત્તર દ્વીપકલ્પના ભારતના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૨-૪ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેવાની શક્યતા છે. ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળમાં છેલ્લા ૨૪ કલાકમાં દિવસના તાપમાનમાં ૧-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે, જ્યારે તમિલનાડુ, પુડુચેરીમાં તાપમાનનો પારો ૧-૩ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યો છે.

હિમાચલ પ્રદેશ, બિહાર, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળના ગંગા કાંઠાના વિસ્તારોમાં દિવસનું તાપમાન સામાન્ય કરતાં ૫.૧ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી વધુ રહ્યું હતું. ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં. તે પછી, ૪૮ કલાકમાં લગભગ ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો અને આગામી ૨ દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉભું થયું છે. ગુજરાતમાં પણ અનેક જિલ્લાઓમાં વાદળો મંડરાયા છે. અંબાલાલ પટેલે ૧૯ તારીખ સુધીની આગાહી કરી છે. તેના બાદથી ગરમીનો રાઉન્ડ શરૂ થશે. ગુજરાતમાં પણ વાદળછાંયુ વાતાવરણ રહેવાની આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે કરી છે. જેના કારણે ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે.

# જૂનાગઢ મહાશિવરાત્રી મેળા દરમ્યાન એસટી દ્વારા ૨૧૦ વધુ બસ મુકાશે

## રૂા.૨૫ નું ભાડું ચૂકવી બસ સ્ટેન્ડથી ભવનાથની મુસાફરી કરી શકાશે : સૌરાષ્ટ્ર-કચ્છ, અમદાવાદ તથા તીર્થ સ્થળોએથી જૂનાગઢ સુધી વિશેષ એસટી બસ દોડશે



જૂનાગઢ તા.૧૯

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જૂનાગઢ વિભાગ ધ્વારા મહાશિવરાત્રી મેળા-૨૦૨૫ ના એકસ્ટ્રા સંચાલન બુથનું ઉદ્‌ઘાટન તા.૨૨ ફેબ્રુઆરીના રોજ ૦૯,૩૦ કલાકે એસ.ટી. બસ સ્ટેશન ખાતે કરાશે. આ પ્રસંગે જૂનાગઢ એસ.ટી. નિગમના વિભાગીય નિયામકશ્રી એમ.બી.રાવલ, વિભાગીય પરિવહન અધિકારીશ્રી એચ.એન.ખાંભલા જૂનાગઢ ડેપોના ડેપો મેનેજર શ્રીવી.એમ.મકવાણા તથા વિવિધ અગ્રણીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. મહાશિવરાત્રી મેળામાં નિગમ દ્વારા બસ સ્ટેશનથી ભવનાથ ખાતેના એકસ્ટ્રા સંચાલન ૭૦ મીની બસથી કરવામાં આવશે. જેમનું રૂા.૨૫ ના ભાડાથી બસ સ્ટેશનથી ભવનાથ તળેટી સુધી સીટી સંચાલન મીની બસોથી હાથ ધરવામાં આવશે તેમજ મેળા દરમ્યાન અમદાવાદ, ભુજ, રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, ખંભાળીયા, જામજોધપુર, પોરબંદર, સોમનાથ, ઉના, મહુવા, ભાવનગર, અમરેલી વગેરે મુખ્ય શહેરો તેમજ મહત્વના ધાર્મિક સ્થળોનું પણ એકસ્ટ્રા સંચાલન આ વિભાગની ૧૮૦ મોટી બસો તેમજ રાજકોટ, જામનગર, અમરેલી તેમજ ભાવનગર વિભાગની ૩૦ બસો આમ કુલ ૨૧૦ બસો દ્વારા સંચાલન હાથ ધરવામાં આવનાર હોય તેમજ વધારે ટ્રાફિક પ્રમાણ જણાયે યાત્રાળુઓની સુવિધા માટે વધારે બસોનું પણ આયોજન કરાયુ છે. જેની મહાશિવરાત્રીના મેળામાં આવતા શ્રદ્ધાળુઓએ બસનો લાભ લેવા વિભાગીય નિયામક એસટી જૂનાગઢ દ્વારા યાત્રિકોને અનુરોધ કરાયો હતો.

# ભવનાથમાં સ્વચ્છતા જાળવવાની જવાબદારી આપણા સૌની

## ૨૦૦ કર્મચારી,સફાઈકામદાર નવ સફાઈ રૂટ સફાઈ અભિયાન કરશે

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢના ભવનાથ વિસ્તારમા તા.૨૨ ફેબ્રુઆરી થી તા.૨૬ ફેબ્રુઆરી દરમિયાન મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામા દેશભરમાંથી સાધુ સંતો તેમજ ભાવિકો આવતા હોય છે. ત્યારે આ મેળાના સુચારુ આયોજન માટે તંત્ર દ્રારા અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત ભવનાથ ક્ષેત્રની સફાઈ તથા ડ્રેનેજની કામગીરી અર્થે રાઉન્ડ ધ ક્લોક ૨૦૦ કર્મચારી/ સફાઈ કામદાર જોડાઈ ત્રણ સિફટમાં કામગીરી કરશે.

ભવનાથ વિસ્તારના મહાનગરપાલિકા, જૂનાગઢ હસ્તકના નિયત થયેલ ૯ સફાઈ રૂટમા ઈન્દ્રભારતી દરવાજાથી રૂપાયતન દરવાજા,રૂપાયતન દરવાજાથી નવા ભવનાથ,રીંગરોડની બન્ને સાઈડ તેમા આવતા ગ્રાઉન્ડ, લંબે હનુમાનજી મંદિર સામેનો રોડ તથા રબારી નેશ, પ્રેરણાધામથી અખાડા સુધી, ભારતીબાપુ આશ્રમ વાળુ ગ્રાઉન્ડ અને બન્ને તરફના મેઈન રોડની સાઈડ, જીલ્લા પંચાયત ગ્રાઉન્ડ, અગ્નિ અખાડા સામેનું ગ્રાઉન્ડ તથા પ્રકૃતીધામ પાસેના રોડમા સફાઈ અભિયાન હાથ ધરાશે.

આ ઉપરાંત ભવનાથ વિસ્તારમાં કાર્યરત અન્નક્ષેત્ર તથા અન્ય વિસ્તારમાંથી ૨-ટ્રેકટર તેમજ ૧૦-ટીપરવાન મારફત દિવસમાં ત્રણ વખત કચરો એકત્રીત કરી યોગ્ય જગ્યાએ તેનો નિકાલ કરાશે. આ ઉપરાંત ૨૦૦ લિટર ક્ષમતાની ૭૦ કચરા ટોપલી ભવનાથ વિસ્તારમાં અલગ અલગ સ્થળે રાખવામાં આવી છે. જેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો શ્રદ્ધાળુઓ દ્વારા રસ્તા પર નાખવામાં ન આવે તેવી અપીલ પણ કરવામાં આવી છે. ભવનાથ વિસ્તારમાં જુદા-જુદા સ્થળે ટ્રાફિકને અડચણ રૂપ ન થાય તે રીતે તેમજ નિયત થયેલ પાર્કિંગના સ્થળે જરૂરીયાત મુજબના ૧૦ સ્થળે મોબાઈલ ટોયલેટ વાન મૂકવામાં આવશે. તથા ભવનાથ વિસ્તારમાં દશ જાહેર શૌચાલય શરૂ કારવામાં આવશે અને નિયમીત પણે સફાઈ કરવામાં કરાશે. દામોદર કુંડની સુદ્રઢ સફાઈની કામગીરી અર્થે રાઉન્ડ ધ ક્લોક કામદારો રાખવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાશિવરાત્રીના મેળા દરમિયાન રાજય તેમજ દેશભરથી સાધુ સંતો અને ભાવિકો આવતા હોય મેળો અને શહેર સ્વચ્છ રહે ક્યાંય ગંદકી ન થાય તે નાગરિકોની ફરજ છે તથા સ્વચ્છતા સાથે જોડાયેલા કર્મચારીઓને સહયોગ આપવા પણ તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

# ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી અંગેનું આયોજન

## તા.૯ માર્ચ સુધી ખેડૂતોની ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરાશે

જૂનાગઢ, તા.૧૯

ગુજરાતના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી, વર્ષ ૨૦૨૪-૨૫માં ચણા અને રાયડાની ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજય સરકારશ્રી મારફત કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચણા પાક માટે રૂા. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાની પાક માટે રૂા.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવેલ છે. ટેકાના ભાવ કરતા બજારભાવ નીચા જાય ત્યારે ભારત સરકારશ્રીની પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પીએસએસ હેઠળ રાજયમાં ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા.૧૮.૦૨.૨૫ થી તા.૦૯.૦૩.૨૦૨૫ (દિન-૨૦) સુધી ખેડૂતોની ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ફઝઈ મારફતે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે. રાજ્યના ચણા અને રાયડો પકવતાં ખેડુતભાઈઓએ લાભ લેવા અનુરોધ છે.

વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં ચણા માટે ૨૦૬ અને રાયડા માટે ૨૦૬ ખરીદ કેન્દ્રોએથી તા.૨૫.૦૨.૨૦૨૫ના રોજથી ખરીદી કરવાનું સુચિત છે. રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડા પાકની ખેડુતો પાસેથી પુરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકારશ્રીએ તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં અદ્‌ભુત અને અવિસ્મરણીય જનાદેશ

## કોંગ્રેસ ૧૫, ભાજપ ૧૫, બસપા ૪, આપ ૧, અપક્ષ ૧ જ્યારે એમઆઈએમનું ખાતુ પણ ખુલ્યું







### ભાજપ કોંગ્રેસ ભાઈ ભાઈ મુદ્દે ખેલાયેલી આ ચુંટણીમાં કીંગમેકર બનીને ઉભરી આવેલ બસપાના ચાર મુસ્લિમ સભ્યો કોની સાથે જોડાશે ?

(પ્રતિનિધિ દ્વારા)


માંગરોળ, તા.૧૯


જૂનાગઢ જિલ્લાના માંગરોળ નગરપાલિકાની ૩૬ બેઠકોની ગઈકાલે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. ભારે ઉત્તેજના સાથે વહેલી સવારે દરેક ઉમેદવારના સમર્થકો જીતની આશા સાથે મોટી સંખ્યામાં શારદાગ્રામ કોલેજ પાસે જમા થઈ ગયા હતા. પરંતુ રાજકીય ચોવટીયાઓના રાજકારણ વચ્ચે મતદારોએ સાયલન્ટ મોડમાં રહી અદભુત અને અવિસ્મરણીય જનાદેશ આપ્યો છે. માંગરોળ પાલિકામાં આ વખતે રોડ, રસ્તાઓ, સફાઈ, લાઈટ અને પાણી જેવા મુખ્ય મુદ્દાઓથી ઉપર રહીને ફક્ત અને ફક્ત ભાજપ-કોંગ્રેસનું ગઢબંધન જ મુખ્ય મુદ્દો બન્યો હતો. દર વખતે કોંગ્રેસ લઘુમતી અપક્ષો સાથે સત્તામાં રહે છે પરંતુ ગત છેલ્લા અઢી વર્ષના ટર્મમાં પ્રમુખના હોદ્દાની ખેચતાણમાં કોંગ્રેસમાં જ ભંગાણ પડી જતા ચાર સભ્યો અલગ થતા કોંગ્રેસના બાકીના સભ્યોએ ભાજપના પાંચ સભ્યોને સાથે ભેળવી કોંગ્રેસના મહમદહુસેન ઝાલાને પ્રમુખ પદ ઉપર બેસાડી દેતા હવનમાં ઘી હોમ્યા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જેનો વિવાદ હાલ સુધી વકરીને ચરમસીમાએ પહોંચી ગયો હતો. જેનો સબક શીખવવા સુલેમાન પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને માંગરોળમાં એમઆઈએમને ઉભી કરી દીધી હતી. વિધાનસભાની ચૂંટણીમાં પણ આપ અને મીમમાંથી ઉમેદવારી કરાતા કોંગ્રેસને ભૂંડી હારનો સામનો કરવો પડ્યો હતો. પાલિકામા કોંગ્રેસે આપ સાથે ગઢબંધન કરી મહદઅંશે ડેમેજ કંટ્રોલ કરવા સફળ રહી હતી પરંતુ એમઆઈએમે પાલિકાની ચુંટણીમાં પણ ભાજપ કોંગ્રેસ ભાઈને મુખ્ય મુદ્દો બનાવતા કોંગ્રેસ પરેશાનીમા મુકાઈ હતી. બીજી બાજું સામાજિક કંકાશના પ્રતાપે એક નંબર વોર્ડમાં પાલિકાના પૂર્વ પ્રમુખ હાજી મુહમ્મદ હાજીઅબ્બાએ બસપાની પેનલમાંથી ઉમેદવારી કરતા કોંગ્રેસના ફીણા લાવી દીધા હતા. એકંદરે કોંગ્રેસ, મીમ અને બસપાની એક બીજાને પાડી દેવાની રાજકીય રમતો ચરમસીમાએ પહોંચી હતી. જ્યારે એમની સામે ભાજપે સાયલન્ટ મોડમાં ચુંટણી લડીને પોતાની ૧૨ માથી ૧૫ સીટ કરવામાં સફળ રહી હતી. રાજકીય કાવાદાવાઓ વચ્ચે માંગરોળજનોએ મૌન ધારણ કરી તમામ કોમવાદ જાતિવાદથી પર રહી અદભુત જનાદેશ આપ્યો છે જેમાં કોંગ્રેસને ૧૫ આપને ૧, ભાજપને ૧૫, બસપાને ૪ અને અપક્ષને ૧ મળતા ભાજપ કોંગ્રેસ અસમંજસ પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે. જ્યારે બસપા ફક્ત ચાર બેઠક મેળવીને પણ ગેલમાં આવી ગઈ છે. એમઆઈએમે પાલિકાનો સૌથી સંવેદનશીલ અને ભાજપ કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર ગણાતા વોર્ડ નંબર ૭માં એક દલિત ઉમેદવાર ઊભો રાખીને કોંગ્રેસના ચારેય ખાના ચિત કરી દીધા હતા. જેના કારણે કોંગ્રેસ સ્પષ્ટ બહુમતીથી ચાર બેઠક પાછળ રહી ગઈ છે. પરંતુ તમામ ૨૧ બેઠકો ઉપર મીમને ભૂંડી હારનો સામનો કરવો પડ્યો હતો. વોર્ડ નંબર ૯ મા ભાજપ, કોંગ્રેસ, અને મીમના ધૂરંધરોની પેનલ સામે એકલા હાથે એડવોકેટ ઈરફાન કરૂડે નાની વયે સૌથી વધુ ૨૩૮૦ વોટ સાથે વિજય મેળવીને શહેરમાં હીરો બનીને ઉભરી આવ્યો છે. આજ વોર્ડમાં એમઆઈએમના જીલ્લા પ્રમુખ અને વિધાનસભાના ઉમેદવાર સુલેમાન પટેલ પણ હારી ગયા હતા.

એકંદરે મુસ્લિમ બાહુલ માંગરોળની જનતાએ ભાજપને ક્યારેય સ્વીકારી નથી તો બીજી તરફ ફક્ત મુસ્લિમ તરફી વિચારસરણી ધરાવતી એમઆઈએમને પણ જાકારો આપી દીધો છે. જે માંગરોળની શાંતિપ્રિય અન કોમી એખલાસમા માનતા લોકોની આગવી વિશેષતા જણાવે છે. માંગરોળ પાલિકામાં સત્તા બનાવવા ૧૯ના મેજીક આકડાથી દૂર ભાજપ કોંગ્રેસ બંનેએ બસપાના ચાર અને અપક્ષના એક સભ્ય પર મીટ માંડી છે. ત્યારે ભાજપ કોંગ્રેસ ભાઈ ભાઈના મુદ્દે ખેલાયેલી આ ચુંટણીમાં બસપાના ચાર મુસ્લિમ અને એક અપક્ષ મુસ્લિમ સભ્યો કોના સાથે જોડાશે તે સૌથી મોટો પચેદો પ્રશ્ન બન્યો છે.

# કોડીનારમાં ભાજપના ક્લીન સ્વિપ બાદ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ આક્રમક વિજયી સભા ગજવી

## દિનુભાઈએ ગીર સોમનાથ કલેકટર ઉપર કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપો કરી સનસનાટી મચાવી





(મુગલ અલ્તાફ દ્વારા)


કોડીનાર, તા.૧૯

કોડીનાર નગરપાલિકા ચૂંટણી માં ભાજપે ૭ વોર્ડની તમામ ૨૮ બેઠકો ઉપર જવલંત વિજય મેળવતા ભવ્ય વિજય સરઘસ બાદ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ આક્રમક તેવરમાં વિજયી સભા ગજવી હતી.

પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ વિજયી સભામાં કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરી જણાવ્યું હતું કે પાલિકામાં કોંગ્રેસ ૩૫ વર્ષથી સત્તાના સપના જોઈ રહી છે,પરંતુ કોંગ્રેસ કોડીનારના મિજાજને પારખવામાં થાપ ખાઈ છે,કોડીનાર શહેરને પારખવું એ અઘરા રાજકારણીઓ માટે પણ અઘરૂ હોવાનું જણાવી કોડીનારની પ્રજાના અમો દિલ વસેલા હોઈયે પ્રજા ખુદ પોતાને પાલિકાનો સભ્ય માને છે,કોંગ્રેસ દ્વારા શહેરને ચૂંટણી દરમિયાન કોડીનાર શહેરને ગુંડાઓનું શહેર બતાવી શહેરને બદનામ કરવા કાવતરા રચવા વાળાઓ ની મનોકામના પોલીસ તંત્ર એ પૂરી થવા ન થવા દેતા અને કોડીનારમાં નિષ્પક્ષ અને નિર્ભય રીતે ચૂંટણી યોજવા બદલ દિનુભાઈ સોલંકીએ ગીર સોમનાથ એસ.પી.મનોહર સિંહ જાડેજા અને પોલીસ તંત્ર અને મામલતદાર તંત્રનું આભાર વ્યક્ત કરી કોડીનારની પ્રજાજનોએ શાંત અને ભાઈચારાના શહેર કોડીનાર શહેરને બદનામ કરવા માંગતાં તત્વો સામે લોકોએ કચકચાવીને સ્વયંભૂ મતદાન કરી જડબાતોડ જવાબ આપ્યો હોવાનું જણાવી ગીર સોમનાથ કલેકટર ઉપર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે વેરાવળ પાટણમાં થયેલ ડીમોલિશન અંગે કલેકટર વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં પિટિશન થઈ હોય એમાંથી છટકવા માટે કોંગ્રેસ સાથે સાંઢગાંઠ કરી ચૂંટણીમાં કોંગ્રેસને મદદ કરવા ધમપછાડા કર્યા હોવાનું અને અને આ અધિકારીને આજના જમાનાનો આધુનિક ગઝની હોવાનું જણાવી જિલ્લા ને લૂંટવા આવ્યો હોય તેમ નાનામાં નાના માણસ અને ઉદ્યોગો અને બિન ખેતીની ફાઈલો કમિશન રાખી મોટું તોડ પાણી કરી કરોડો રૂા.ઘર ભેગા કરી તેમજ સરકારી કામોમાં થયેલા કરોડોના ભ્રષ્ટાચાર અને અનેક કોભાંડો ઉપર ઢાંકપીછોડો કરી કરોડો રૂા.નું ભ્રષ્ટાચાર કર્યુ હોવાનું જણાવી આ અધિકારી નાના સરકારી કર્મીઓને દબાવી ધમકાવી સહીઓ કરાવી નાના કર્મચારીઓને બલીનો બકરો બનાવી પોતે એશો આરામ સાથે રૂા.બનાવતો હોવાનું જણાવી આ અધિકારીએ કરેલા ભ્રષ્ટાચાર અંગે ની વિસ્તૃત યાદી સાથે જાહેર મંચ ઉપરથી જાહેર કરી ગંભીર આક્ષેપો કરી આ અધિકારીની લુંટ થી જિલ્લાની પ્રજાને બચાવવા સરકારને અપીલ કરી સરકાર સમક્ષ આ અધિકારી સામે સી.બી.આઈ.કક્ષાની તપાસ કરવા માંગ કરી જિલ્લા ને ભ્રષ્ટાચાર મુક્ત કરવા આંદોલન શરૂ કરવા અને આ ભ્રષ્ટાચારી અધિકારીને જ્યાં સુધી ભ્રષ્ટાચારી સાબિતના કરી દવ ત્યાં સુધી ઝંપિશ નહિ તેમ જણાવી જો સરકાર આ અધિકારી સામે કોઈ પગલા નહિ ભરે તો હાઈકોર્ટમાં જવાની પણ તૈયારી હોવાનું જણાવ્યું હતું.

# ઈન્દ્રવદન મોદીની ૯૯મી જન્મજયંતિની ઉજવણી કેડિલા ફાર્માસ્યુટિકલ્સના કર્મચારીઓની રક્તદાનની પ્રતિજ્ઞા





અમદાવાદ, તા.૧૯

કેડિલા ફાર્માસ્યુટિકલ્સના સ્વપ્રદ્રષ્ટા સ્થાપક સ્વર્ગસ્થ ઈન્દ્રવદન મોદીની ૯૯મી જન્મજયંતિ ઉપર કંપનીના કર્મચારીઓ તેમના અસાધારણ વારસાને માન આપવા માટે એકત્ર થયા હતા. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના પ્રણેતા, ઈન્દ્રવદન મોદીએ સુલભ, સસ્તા આરોગ્ય સંભાળની અડગ પ્રતિબદ્ધતા સાથે કેડિલા ફાર્માસ્યુટિકલ્સનું નિર્માણ કર્યું, જે વિશ્વભરમાં લાખો લોકોના જીવનને પ્રભાવિત કરે છે. તેમનો વારસો આજે પણ કંપનીના મૂલ્યો અને મિશનને આકાર આપીને પ્રેરણા આપે છે.

ઈન્દ્રવદન મોદીના મજબૂત દ્રષ્ટિકોણને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવા, કેડિલા ફાર્માસ્યુટિકલ્સે એક મહત્વપૂર્ણ રક્તદાન પહેલનું આયોજન કર્યું. સંસ્થાના કર્મચારીઓએ આ હેતુ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ રક્તદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી. એકતાનું આ શક્તિશાળી પ્રદર્શન માત્ર એક ઔપચારિક કાર્ય નહોતું પરંતુ કર્મચારીઓ દ્વારા અન્ય લોકોના કલ્યાણ માટે નિઃસ્વાર્થપણે યોગદાન આપવાની પ્રતિજ્ઞા પણ હતી, જે ઈન્દ્રવદન મોદીના જીવનમાં કરુણા, સેવા અને માનવતાના મૂલ્યોને સમર્થન આપ્યું હતું, તેને પ્રતિબિંબિત કરે છે. રક્તદાન ઝુંબેશ એક સામૂહિક પ્રતિબદ્ધતા હતી, જેમાં વિવિધ વિભાગના કર્મચારીઓએ કંપનીના સ્થાપકના માનમાં રક્તદાન કરવાનો નિર્ણય લીધો હતો. રક્તદાન કરવું તે કંપનીના વ્યાપક મિશનનું પ્રતીક છે - જે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાના ઈન્દ્રવદન મોદીના વિઝનને ધ્યાનમાં રાખીને, વ્યવસાયિક ઉદ્દેશ્યોથી આગળ વધીને અસરકારક કાર્યો દ્વારા માનવ સેવા કરવાનું છે.

આ પહેલ દ્વારા, કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દાન, કરુણા અને સામાજિક જવાબદારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને તેમના સ્થાપકના વારસાને માન આપવાનું ચાલુ રાખશે. આરોગ્ય પરિણામો સુધારવા માટે કંપનીનું સમર્પણ પ્રયોગશાળા અને ઉત્પાદન રેખાઓથી આગળ છે, તેમની સેવા સમુદાયોને સક્રિયપણે આકાર આપે છે.

# જૂનાગઢના શહિદ સ્મારક ગાર્ડન તરફથી જલારામ સર્કલ સુધી અવર-જવર કરવા પ્રતિબંધ

## નરસિંહ મહેતા સરોવરની કામગીરી ચાલુ હોવાથી કમિશનરશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયુ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવરનો વિકાસ કરવાની કામગીરી ચાલુ હોય જેથી નરસિંહ મહેતા સરોવરની બાજુમાંથી પસાર થતાં રોડ બંધ કરવા વૈકલ્પિક રૂટ શરૂ કરાયો છે.

સરોવરની ફરતે રોડ ડેવલોપમેન્ટ વર્ક કરવાનું થતું હોય જેથી ચાલુ કામગીરી દરમ્યાન રોડ પરથી પસાર થતાં રાહદારીઓ/વાહન ચાલકોની સલામતી ન જોખમાય તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી નરસિંહ મહેતા સરોવરની બાજુમાંથી પસાર થતાં રોડ બંધ કરવા કમિશનર ડો.ઓમ પ્રકાશ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જે મુજબ શહિદ સ્મારક ગાર્ડનથી લઈ જલારામ સર્કલ સુધી અવર-જવર કરવા પ્રતિબંધ રહેશે. વૈકલ્પીક રુટ તરીકે શહીદ સ્મારક ગાર્ડન-તળાવ દરવાજા રેલવે ફાટક-જયશ્રી રોડ-નર્મદેશ્વર મહાદેવ મંદિર રોડ-જાગનાથ મહાદેવ મંદિર રોડ માર્ગનો ઉપયોગ કરી શકાશે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી ૩૦-દિવસ સુધી અમલમાં રહેશે.

# ખંભાળિયામાં રવિવારે સેવાકુંજ હવેલીના ઉપક્રમે રસીયાની રમઝટ

જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિય+ામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી શ્રી સેવાકુંજ હવેલીના ઉપક્રમે પૂજ્ય ગોસ્વામી માધવી વહુજી યશોદાનંદજી મહારાજના સાનિધ્યમાં ચિ. ગોસ્વામી શ્રી વલ્લભનાથજી (નુપુરબાવા)ના પ્રાગટ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે આગામી રવિવાર તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ રસીયાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે નગર ગેઈટ પાસે આવેલી શેઠ કાનજી ચતુની ધર્મશાળા ખાતે રવિવારે સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ રસીયા કાર્યક્રમમાં મુંબઈથી ગોપી મંડળની સખીઓ તથા બજાણાની કીર્તન મંડળી દ્વારા રસીયાની રમઝટ બોલાવવામાં આવશે. આ પ્રસંગે સર્વે વૈષ્ણવોને અલૌકિક પ્રસંગમાં સહભાગી થવા હવેલીના પૂજ્ય શ્રી માધવી વહુજી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ

આપણો સંકલ્પ છે કે વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવું, પરંતુ વિકસિત ભારતની વાત કરતી વખતે આર્થિક અને ટેકનિકલ વિકાસની સાથે પોતાના વારસા પર પણ ભાર મૂકવાની જરૂર છે. આ વારસો છે સંસ્કારો અને જીવન મૂલ્યોનો. ઉદાત્ત ભાવો અને સામાજિક-સાંસ્કૃતિક સાતત્યનો. આ જ સમૃદ્ધ વારસા આપણી સામાજિક અને પારિવારિક વ્યવસ્થાને સંકડો વર્ષોના આક્રમણ અને ગુલામી છતાં અખંડ રાખી છે. વિકસિત ભારતનો મતલબ એ જ છે કે સમૃદ્ધિની સાથે સંસ્કાર પણ સહગામી બને, પરંતુ દુર્ભાગ્યે ૨૧મી સદીમાં જે પ્રકારની સંસ્કારહીનતા અને મૂલ્યહીનતા તરફ ભારતીય સમાજ, વિશેષ કરીને યુવા પેઢી આગળ વધી રહી છે, તે ખતરાની ઘંટડી છે. યુટ્યૂબ પર 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામના શોમાં હાલમકાં જે વિવાદ પેદા થયો છે તેણે યવાઓની માનસિકતા પર એવા સવાલ ઊભા કર્યા છે કે શું આધુનિકતાના નામે મૂલ્યોને તિલાંજલિ અપાઈ રહી છે? માતા-પિતાના સંબધો પર શરમજનક ટિપ્પણીથી નિશાના પર આવેલા યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ ભલે માફી માગી લીધી હોય, પરંતુ એટલાથી જ આ મામલો રફેદફે નથી થવાનો. આ મામલે વધતા આક્રોશને જોતાં અલાહાબાદિયા અને તેની સાથે મંચ પર બેઠેલા સમય રૈના, અપૂર્વા મખીજા વગેરે પર કાર્યવાહીનું દબાણ વધ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ કહ્યું કે જો સીમા પાર કરવામાં આવી હશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ રાષ્ટ્રીય મહિલા આયોગને નિર્દેશ આપ્યા છે કે તે નોટિસ જારી કરીને જવાબ માગે. શિક્ષણવિદો, કલાકારો વગેરેએ પણ તેમની નિંદા કરી છે.

રણવીર અને તેના સાથીઓની બેહૂદી ટિપ્પણીઓ બાદ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને શો વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરતાં 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર પ્રતિબંધનો આગ્રહ રક્યો છે. મહારાષ્ટ્રથી લઈને અસમ સુધી ફરિયાદો નોંધાઈ છે. સમાજશાસ્ત્રી દુર્ખીમના શબ્દોમાં કહીએ તો આ ઘટનાએ દેશની સામુહિક ચેતનાને જગાડી દીધી છે અને વિપરીત વૈચારિક ધ્રુવો પર ઊભેલા લોકો પણ ટિપ્પણી કરનારા લોકોની એકસૂરે નિંદા કરી રહ્યા છે. આ વિવાદે ઓનલાઈન કન્ટેન્ટની સીમાઓ અને જવાબદારીઓ પર એક મહત્ત્વપૂર્ણ ચર્ચા છેડી છ. આ મુદ્દાથી ન માત્ર સાંસ્કૃતિક, નૈતિક અને બંધારણીય પાસા, બલ્કે પરિવાર અને સામાજિક વ્યવસ્થા સંબંધિત પ્રશ્ન પર જોડવામાં આવ્યા છે. પહેલં તો એ કે સ્ટેન્ડઅપ કોમેડી, ઈન્ટરનેટ મીડિયા કે ઓટીટી પર પોતાની પહોંચ વધારવા માટે અશ્લીલ, ઘોર વાંધાજનક અને હિંસક સામગ્રીનો ભારે સહારો લેવામાં આવી રહ્યો છે. તેના માટે કોઈપણ હદ તોડવાતી સંકોચ નથી કરાતો. એક્સથી લઈને ઈન્સ્ટાગ્રામ, ફેસબક અને યુટ્યૂબ પર એવી અશ્લીલ-અભદ્ર કન્ટેન્ટની ભરમાર છ, જે નવી પેઢીને ઝડપથી પોતાની ચુંગાલમાં લઈ રહી છે. તેમાંથી મોટાભાગની સામગ્રી પશ્ચિમી સમાજ અને સંસ્કૃતિની નકલ કરીને બનાવવામાં આવે છે. જે ટિપ્પણીથી આટલો મોટો વિવાદ થયો છે, તે પણ મૂળ રૂપે એક વિદેશી શોમાં કરવામાં આવી હતી, જેને રણવીરે નકલ કરીને અહીં રજૂ કરી દીધી. યાદ રહે પશ્ચિમી સમાજ-સંસ્કૃતિ ભારતીય મૂલ્યોથી વિપરીત વ્યક્તિપરક સમાજ છે, જે કેટલીય વાર પરિવાર અને મર્યાદાના બંધનોને પણ સ્વીકાર નથી કરતી. તેમાં ભોગ અને ભૌતિકતા જ સર્વોપરિ છે, પરંતુ શું આપણે એના જેવું ભારત બનાવવા માગીએ છીએ?

જ્યાં ઘણા લોકો રણવીર અલાહાબાદિયાની નિંદા કરી રહ્યા છે, જ્યારે કેટલાક વોક, ઉદારવાદી અને માર્ક્સવાદી કહેવાતા બુદ્ધિજીવીઓ એના પર ઢાંકપિછોડો કરવાની કોશિશ કરી રહ્યા છે. જોકે સામાજિક દબાણમાં તેમને પણ રણવીરની ટિપ્પણીની ટીકા કરવી પડી રહી છે, પરંત તેના વિરુદ્ધ થઈરહેલી કાર્યવાહી મામલે આ લોકો ડાર્ક હ્યૂમરના પ્રકારથી લઈને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ચર્ચા કરી રહ્યા . જ્યાં એક આક્રોશિત વર્ગ સેન્સરની વાત કરી રહ્યો છે. તેની અવગણના ન કરી શકાય કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ કે અપસંસ્કૃતિના સામાન્યીકરણ કે 'કૂલ' કહેવાના એવા પ્રયાસ લાંબા સમયથી થઈ રહ્યા છે. દુર્ભાગ્યે કિશોર અને યુવા પેઢી ધીમે ધીમે તેની જાળમાં ફસાતી જાય છે. એ ચિંતાજનક છે કે અશ્લીલતાને કૂલ ગણાવનારા ઈન્ટરનેટ મીડિયા ઈન્ફ્લૂએન્સરોના ફોલોઅર્સ લાખો-કરોડોમાં છે. આ ક્રિએટર્સ કે ઈન્ફ્લુએન્સર્સમાં કોઈ જવાબદારીનો ભાવ નથી દેખાતો.

ચિંતાની વાત એ જ નથી કે તેમની ઘૃણાસ્પદ ટિપ્પણીઓને પણ ખૂબ વાહવાહી મળી રહી છે, બલ્કે એ પણ છે કે માતા-પિતા પ્રત્યે જે સન્માન-સેવાનો ભાવ હોય છે કે પરિવારમાં જે સહજ ઉદાત્ત પરિવેશ થાય છે, તેને આવા કન્ટેન્ટ-કથ્ય ધ્વસ્ત કરવાની કોશિશ કરે છે. 'પરિવાર વ્યવસ્થા' જે ભારતીય સમાજ-સંસ્કૃતિની આધારશિલા અને સૌથી મોટી શક્તિ રહી છે, એના પર આજે અજાણતાં કે જાણીજોઈને પર પ્રહાર થઈ રહ્યો છે. આવી સામગ્રીથી ભારતીય સામાજિક સંતુલનના જ અસ્તત્વ પર સંકટ ઊભું કરાઈ રહ્યું છે, તેથી સમય આવી ગયો છે કે ડિજિટલ કન્ટેન્ટનું નિરીક્ષણ કરવામાં આવે. આપણે આ પ્રકારની સામગ્રીની સીમાઓ નક્કી કરવી પડે. જે લોકો અભિવ્યક્તિની આઝાદીની દલીલ કરી રહ્યા છે, તેઓ સમજી લે કે બંધારણમાં જ અનુચ્છેદ ૧૯(૨) અંતર્ગત 'શિષ્ટાચાર કે નૈતિકતા'ના આધાર પર અભિવ્યકિતની સ્વતંત્રતા પર પ્રતિબંધની ગુંજાશ છે. એવો પ્રતિબંધ મુખ્ય રૂપે અશ્લીલતા, અનૈતિકતા અને સામાજિક મર્યાદા સાથે જોડાયેલા મામલે લાગુ થાય`. સુપ્રીમ કોર્ટે 'રંજન દ્વિવેદી વિરુદ્ધ ભારતીય સંઘ' કેસ (૨૦૧૭)માં કહ્યું હતું કે અશ્લીલતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં સંતુલન જરૂરી છ અને સાર્વજનિક શાલીનતાને ઠેસ પહોંચાડનારા કન્ટેન્ટ પર પ્રતિબંધ લગાવી શકાય છે. આ વાત ફિલ્મ, સાહિત્ય, કલા અને ઈન્ટરનેટ મીડિયા પર પણ લાગુ થાય છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે સંસ્કારહીનતા, મૂલ્યહીનતા અને અપસંસ્કૃતિની છૂટ ન આપી શકાય. પારિવારિક મર્યાદા અને સામાજિક સંતુલનને આઘાત ન પહોંચે, ત ભારતીય સમાજના અસ્તિત્વ માટે તો જરૂરી છે જ, વિકસિત ભારત માટે પણ અનિવાર્ય છે.

# પોરબંદરની નિરમા ફેક્ટરી ખાતે આવેલ હઝરત વલીયનશાહ પીરની દરગાહે શાનો-શૌકતથી ઉર્ષ ઉજવાયો

# માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા વલીયનશાહ પીરના ઉર્ષ નિમિત્તે શુભેચ્છા પાઠવાઈ



તસ્વીર અને અહેવાલ : મોહંમદ રફીક શેખ

અમદાવાદ, તા. ૧૯

પોરબંદરની નિરમા ફેક્ટરી ખાતે આવેલ સૌરાષ્ટ્રની પ્રખ્યાત હઝરત વલીયનશાહ પીરની દરગાહે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉર્ષની શાનદાર ઉજવણી થઈ હતી.

ઉર્ષની આગલી રાત્રે સંદલ શરીફ કોડીનારથી ખાસ પધારેલ મહેમાનો ખુશુસી પીરેપરીકત સૈયદ હાજી રફીકબાપુ કાદરી (કોડીનાર શરીફ)ના હસ્તે ચડાવવામાં આવ્યું હતું.

ઉર્ષ શરીફ નિમિત્તે નિરમા ફેક્ટરીના ફેક્ટરી મેનેજર પ્રકાશભાઈ પટેલ સાહેબના હસ્તે દાયકાઓ જુની પરંપરા મુજબ ઉર્ષની પહેલી ચાદર દરગાહમાં ચડાવવામાં આવી હતી. આ ચાદરપોશીના પ્રોગ્રામમાં નિરમા કંપનીના પટોડીયા સાહેબ સહિતના કંપનીના અધિકારીઓ તેમજ ભાવનગરથી સૈયદ ઉમરબાપુ કાદરી, રાજકોટની સૈયદ ઈમરાનબાપુ ચિશ્તી, ઉપલેટાથી સૈયદ જીલાનીબાપુ, ધ્રોલથી સૈયદ જાવિદબાપુ, રાજકોટથી સૈયદ અજદબાપુ કાદરી, પોરબંદરના સૈયદ અઝીમબાપુ કાદરી, સહિતના સૌરાષ્ટ્રના સૈયદ સાદાતે કીરામ, ઓલમા - એ કીરામ પણ ખાસ ઉપસ્થિત હતા અને તે પ્રસંગે હઝરત વલીયનાશાહપીરના ગાદીનશીન સૈયદ સીરાજુદીનબાપુએ દેશમાં અમન અને ભાઈચારો જળવાય રહે તે માટે દુઆ કરી હતી.

આ પ્રસંગે નિરમા ફેક્ટરીના પ્રકાશભાઈ પટેલ સાહેબ, પટોડીયા સાહેબ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી પોરબંદર તાલુકા શાખાના ચેરમેન રામદેવભાઈ મોઢવાડીયા, અમદાવાદથી ખાસ પધારેલ સૌરાષ્ટ્ર ભૂમિના રીપોર્ટર રફીકભાઈ શેખ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અયાઝ શેખનું દરગાહના ખાદીમ સૈયદ સાદીકર્મીયા બાપુ તરફથી શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ આપી, આવકારી સન્માન કરેલ હતું. તેમજ પોરબંદરના અનેક સામાજિક, સેવાકીય, રાજકીય, જમાતોના આગેવાનો, પ્રમુખો, અગ્રણીઓ ઉપસ્થિત હતા. ઉર્ષ નિમિત્તો તલાલા ગીર (જાંબુર)ની પ્રખ્યાત સાદીબાદશાહની ધમાલ રાખવામાં આવી હતી જે દરગાહ ખાતે ઉપસ્થિત અકીદતમંદોના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ઉર્ષના દિવસે સાંજે આમ ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોએ ન્યાઝનો લાભ લીધો હતો. ઉર્ષશરીફ નિમિત્તો દરગાહમાં આકર્ષક રોશનીનો ઝળહળાટ પણ કરવામાં આવ્યો હતો. આ ઉર્ષના કાર્યક્રમોને સફળ બનાવવા માટે સૈયદ સાદીકમીંયા હાસીમમીંયા બુખારીના સાહબજાદા ઓ મોહંમદમુસ્તુફાબાપુ બુખારી અ ન ા ે મોહમ્મદસીરોજુદ્દીનબાપુ બુખારીના નેજા હેઠળ મોહમ્મદઅબરારબાપુ ધ્રોલવાળા, સીલમભાઈ મંધરા, જાવેદભાઈ જોખીયા, મહેબુબખાન, અમુભાઈ નૌવ્હી, અનુભાઈ સામતાણી તેમજ એડવોકેટ અકબર સેલોત સહિતના બસ તેરા કરમ ગ્રુપ પોરબંદર અને બસ તેરા કરમ ગ્રુપ જામનગરના સભ્યોએ ખાસ જહેમત ઉઠાવી હતી. આમ બસ તેરા કરમ ગ્રુપ અને હઝરત વલીયનશાહ વકફ ટ્રસ્ટ દ્વારા ઉર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

# રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લાફેર બદલીના ઓફલાઈન કેમ્પનો બીજો તબક્કો યોજાવાની જાહેરાત

ગાંધીનગર તા. ૧૯

રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લાફેર બદલીના ઓફલાઈન કેમ્પનો બીજો તબક્કો યોજવાની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા ફેરબદલી અને વધઘટમાં ખાલી પડતી શિક્ષકોની જગ્યા પર જ્ઞાન સહાયકોની ભરતી કરવાની જાહેરાત કરાઈ છે. શિક્ષણ વિભાગે જ્ઞાન સહાયકોની ભરતી માટે મંજૂરી આપી દીધી છે. શાળાઓમાં મંજૂર થયેલું મહેકમની ખાલી પડતી જગ્યા પર જ્ઞાનસહાયકની ભરતી કરવા મંજૂરી આપવામાં આવી છે.

વેઈટિંગ લિસ્ટમાં રહેલા શિક્ષકોને ખાલી રહેલી જગ્યામાં બદલીનો લાભ મળે તેના માટે ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ તમામ જિલ્લાઓને ઉદ્દેશી કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, ધોરણ.૧થી ૫માં ૨૭ફેબ્રુઆરી અને ધોરણ.૬થી ૮માં ૨૮મી ફેબ્રુઆરીના રોજ કેમ્પ યોજવાનો રહેશે. રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લાફેર બદલીનો કેમ્પ પૂર્ણ થયા બાદ પણ હજુ કેટલાક જિલ્લામાં જગ્યા ખાલી અને વેઈટિંગમાં શિક્ષકો હોવાની રજૂઆતો થઈ હતી. જેના કારણે ઓફલાઈન કેમ્પનો બીજો તબક્કો યોજવા અંગે નિયામક કચેરીએ વિભાગને પત્ર પાઠવતા મંજૂરી અપાઈ છે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી લાંબા સમયથી બદલી માટે રાહ જોતા અને થોડા માટે વેઈટિંગમાં રહી ગયેલા શિક્ષકોને ફાયદો થશે.



પ્રતિક્ષા યાદીમાં રહેલા ઉમેદવારોને ફેરબદલી કેમ્પના સ્થળ, સમય અને તારીખ અંગેની જાણ સમયસર કરવા માટે જણાવાયું છે. પ્રતિક્ષાયાદી મુજબ બોલાવવાના થતાં તમામ ઉમેદવારોને કેમ્પના બેથી ત્રણ દિવસ પહેલા જાણ થાય તે માટે પણ રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોના વધ-ઘટ, આંતરિક અને જિલ્લાફેર બદલી કેમ્પના કારણે શિક્ષકો હાજર થવાની રાજ્યના ઘણા જિલ્લાઓમાં જ્ઞાન સહાયકોને છૂટા કરવામાં આવ્યાં છે. બીજી તરફ બદલીથી અન્ય શાળામાં ગયેલા શિક્ષકોના કારણે મુળ શાળાઓમાં જગ્યાઓ પણ ખાલી પડી છે. જેથી આ પ્રકારે છૂટા થયેલા જ્ઞાન સહાયકને જે-તે જિલ્લામાં ખાલી પડેલી જગ્યામાં નિમણૂક આપવામાં આવશે. આ મુદ્દે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ તમામ જિલ્લાના ડીઈઓ-ડીપીઈઓ અને શાસનાધિકારીને પરિપત્ર દ્વારા સૂચના પણ આપી છે.

બીજી તરફ ઉમેદવારોમાં એવી માગ થઈ રહી છે કે, જ્ઞાન સહાયકની સેન્ટ્રલાઈઝડ ભરતીમા મોટી સંખ્યામાં શાળાઓ અને વિદ્યાર્થીઓ શિક્ષકથી વંચિત રહેશે. કારણ કે, ઘણા ઉમેદવારો હાજર થતાં નથી અને હાજર થયા બાદ પણ છુટા થઈ જાય છે. આથી સેન્ટ્રલાઈઝડના અમુક તબક્કા બાદ જિલ્લામાં સત્તા સોંપવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ધૃણાએ હૃદયનું પાગલપન છે.

- બાયરન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા વદ-૬ પૂર્વેધુઃ શ્રાધ્ધ, છત્રપતિ શ્રી શિવાજી મહારાજ જયંતિ (તારીખ પ્રમાણે) તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૨૦, સ્વાતિ નક્ષત્ર, વૃધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૩, સૂ.અ.૬:૪૮

આજનો દિવસ સવારે ૧૦:૩૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), કાલે પરોઢે ૬:૪૯ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.
વૃષભ: પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.
મિથુન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
કર્ક: ધીરજ રાખવી હિતાવહ છે. નાણાંકીય લાભ થાય.
સિંહ: યાત્રા-પ્રવાસમાં વધારો થાય. મહેનતનું શુભ ફળ મેળવી શકશો.
કન્યા: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
તુલા: ધીરજના ફળ મીઠા મળે. પરેશાની-તકલીફમાં વધારો થાય.
વૃશ્ચિક: આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં દુઃખ, વ્યથા અનુભવાય.
ધન: શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવું પડે.
મકર: મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
કુંભ: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
મીન: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.

# નવા કેન્દ્રીય ચૂંટણી કમિશનર(CEC)ની નિમણૂક થતાજ કોંગ્રેસ દ્વારા વિરોધ શરૂ

નવી દિલ્હી, તા. ૧૯

સરકારે નવા કેન્દ્રીય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. ત્યારે કોંગ્રેસે વિરોધ કર્યો છે કે, આ આપણા બંધારણની ભાવનાની વિરુદ્ધ છે અને સુપ્રીમ કોર્ટે અનેક કેસોમાં જે વાતનો પુનરોચ્ચાર કર્યો છે – ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા માટે, CEC એ નિષ્પક્ષ હિસ્સેદાર હોવું જોઈએ.

સુધારેલા કાયદાએ CJI ને CEC પસંદગી પેનલમાંથી દૂર કર્યા, અને સરકારે કેન્દ્રીય ચૂંટણી કમિશનરની પસંદગી કરતા પહેલા ૧૯ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટની સુનાવણી સુધી રાહ જોવી જોઈતી હતી. ઉતાવળમાં બેઠક યોજીને નવા ચૂંટણી પંચની નિમણૂક કરવાનો તેમનો નિર્ણય દર્શાવે છે કે તેઓ સુપ્રીમ કોર્ટની ચકાસણીને અવગણીને સ્પષ્ટ આદેશ આવે તે પહેલાં નિમણૂક કરાવવા માંગે છે.

આવા ઘૃણાસ્પદ વર્તનથી ઘણા લોકોએ વ્યક્ત કરેલી શંકાઓને પુષ્ટિ મળે છે કે શાસક શાસન ચૂંટણી પ્રક્રિયાને કેવી રીતે ઉથલાવી રહ્યું છે અને પોતાના ફાયદા માટે નિયમોને તોડી રહ્યું છે. નકલી મતદાર યાદીઓ હોય, ભાજપ તરફી ઘટનાઓ હોય, કે પછી ઈફ્ફ હેકિંગ અંગેની ચિંતાઓ હોય – આવી ઘટનાઓને કારણે સરકાર અને તેના દ્વારા નિયુક્ત CEC ઊંડાણપૂર્વક તપાસ હેઠળ આવ્યા છે. વિપક્ષના નેતાએ યોગ્ય રીતે કહ્યું તેમ, આ નિર્ણય સુપ્રીમ કોર્ટ બંધારણ અનુસાર આ મુદ્દા પર નિર્ણય ન લે ત્યાં સુધી મુલતવી રાખવો જોઈતો હતો.

# ભારતના ઓનલાઈન ખરીદદારોની પારાવાર તકલીફો-નકલી ઉત્પાદનો, કોઈ રિફંડ નહીં, કોઈ ફરિયાદ નિવારણ નહીં

## ઘણા ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મની 'નો રિપ્લેસમેન્ટ' નીતિ ગ્રાહકો માટે ખોટી પ્રોડક્ટ હાથમાં આવે ત્યારે રિપ્લેસમેન્ટ મેળવવાનું મુશ્કેલ બનાવે છે




મુંબઈ તા.૧૯

તમે જે વસ્તુનો ઓર્ડર આપ્યો છે તે નહીં પણ નકલી વસ્તુ હોવાની શંકાથી પરેશાન છો ? નકલી વસ્તુથી અટવાઈ ગયા છો પણ તેના માટે કોઈ ચેનલના અભાવે ફરિયાદ નિવારણની કોઈ શક્યતા નથી ? તમને અનિચ્છનીય અથવા ખોટી વસ્તુઓ મોકલવા માટે 'નો રિટર્ન' નીતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ?તો તમે એકલા નથી. દેશવ્યાપી સર્વેક્ષણમાં ઓનલાઈન શોપિંગ સાઈટ્સ દ્વારા કરવામાં આવતી શંકાસ્પદ પ્રથાઓ ઉપર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે, જેમાં દેશના ઈ-કોમર્સ અને ક્વિક કોમર્સના કેટલાક મોટા નામોનો સમાવેશ થાય છે. સર્વે મુજબ, છેલ્લા એક વર્ષમાં લગભગ અડધા ઓનલાઈન ખરીદદારોને ઓછામાં ઓછી એક ખોટી પ્રોડક્ટ મળી છે. ઘણા ઈ-કોમર્સ પ્લેટફોર્મની અપારદર્શક રિફંડ અથવા રિપ્લેસમેન્ટ નીતિઓને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. લોકલસર્કલ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં દેશભરના ૧.૨ લાખ ગ્રાહકોને આવરી લેવામાં આવ્યા હતા અને તેમાં કેટલાક ચોંકાવનારા ડેટા છે જેણે દેશના ગ્રાહક સુરક્ષા અધિકારીઓને જગાડવા જોઈએઃ જ્યારે લગભગ અડધા ઓનલાઈન ખરીદદારોએ છેલ્લા એક વર્ષમાં ઓછામાં ઓછી એક ખોટી પ્રોડક્ટ મેળવી હતી, ત્યારે પાંચમાંથી એક ગ્રાહકે તે જ સમયગાળામાં ઓછામાં ઓછી એક વાર નકલી અથવા બનાવટી પ્રોડક્ટ પ્રાપ્ત કરી હતી. ફરિયાદોનો ઢગલો થાય છે, ખાસ કરીને ઝડપથી વિકસતા ઝડપી વાણિજ્ય ક્ષેત્રમાં-લગભગ ત્રણમાંથી એક ખરીદદારે કહ્યું કે તેઓ કોઈપણ પ્લેટફોર્મની રિટર્ન અને રિફંડ નીતિઓ અને પ્રક્રિયાઓથી ખુશ નથી. ગ્રાહકોનો આરોપ છે કે ચોક્કસ ઓનલાઈન વિક્રેતાઓ પરત ન કરી શકાય તેવી પ્રોડક્ટ શ્રેણીનો લાભ લઈ રહ્યા છે અને વિવિધ માલ અથવા કેટલાક કિસ્સાઓમાં નકલી પ્રોડક્ટ મોકલી રહ્યા છે. આ વલણ મોટે ભાગે જૂતા, સૌંદર્ય પ્રસાધનો અને સુગંધ શ્રેણીઓમાં પ્રચલિત જોવા મળ્યું હતું. વધુ ખરાબ, નકલી અથવા નકલી વસ્તુઓ મેળવી ભોગ બનેલા ૧૦માંથી ફક્ત ચાર ખરીદદારો તેમને બદલી અથવા રિફંડ કરાવી શક્યા. કારણ ? પ્લેટફોર્મ શબ્દો જે 'રિપ્લેસમેન્ટ નહીં'નાઉલ્લેખ કરે છે, અથવા કારણ કે તેઓ ફરિયાદ કરી શકતા નથી કારણ કે આવું કરવા માટે કોઈ સીધો અને સરળ રસ્તો નહોતો. ફરિયાદો ધરાવતા ૪૩ ટકા ગ્રાહકોએ જોયું કે તેઓ વેચનાર દ્વારા મોકલવામાં આવતી નકલી પ્રોડક્ટની જાણ કેવી રીતે કરવી તે સમજી શકતા નથી. લોકલસર્કલ દ્વારા જારી કરાયેલ એક નિવેદનમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે,'આ ખરાબ વિક્રેતાઓના પક્ષમાં કામ કરે છે જેઓ ડિઝાઈન દ્વારા નકલી પ્રોડક્ટ વેચી રહ્યા છે કારણ કે તે પ્લેટફોર્મ દ્વારા તેમની ઓળખમાં વિલંબ કરે છે જેના કારણે વધુ ગ્રાહકો પ્રભાવિત થાય છે,' તાજેતરમાં ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટને મુંબઈમાં જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમ દ્વારા તેના ઈન્ટરફેસ દ્વારા વેચવામાં આવેલા પોષક પૂરકને પાછું લેવાનો ઈન્કાર કરવા બદલ ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, જે ગ્રાહકે નકલી હોવાનો દાવો કર્યો હતો. ગ્રાહક ફોરમે નિર્દેશ કર્યો હતો કે ઈ-કોમર્સ કંપની 'તેના ઈ-માર્કેટપ્લેસમાંથી વેચવામાં આવતા ઉત્પાદનો સારી ગુણવત્તાના છે તેની ખાતરી કરવા માટે બંધાયેલી છે.' દેશમાં ઓનલાઈન ખરીદીમાં કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે કેટલાક અંદાજ મુજબ તે દેશના તમામ રિટેલના ૭ ટકા છે-તે હિતાવહ છે કે વેચાણકર્તાઓ અને ઓનલાઈન પ્લેટફોર્મ વધુ સતર્ક રહે. લોકલસર્કલ્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે,'વેચાણકર્તાઓ પ્લેટફોર્મ ઉપર ઉત્પાદન Xને પરત ન કરી શકાય તેવું તરીકે સૂચિબદ્ધ કરી રહ્યા છે અને Yને શિપિંગ કરી રહ્યા છે. ગ્રાહકો (અટવાઈ જાય છે) કારણ કે પ્રક્રિયા પ્રવાહમાં કોઈ સરળ રીટર્ન/રિપ્લેસ વિકલ્પ મળતો નથી,'. તેમણે જણાવ્યું 'નકલ પણ ઓછી થતી નથી. સૌથી ખરાબ વાત તો એ છે કે ગ્રાહકો નકલી વસ્તુ પ્રાપ્ત કરી રહ્યા છે અને તેને પરત પણ કરી શકતા નથી',. લોકલ સર્કલના નિવેદનમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે,'ગ્રાહકોનો એક વર્ગ આરોપ લગાવે છે કે વેચાણકર્તાઓ કોઈ રીટર્ન વિનાના ઉત્પાદનોનો લાભ લઈ રહ્યા છે અને કેટલાક વેચાણકર્તાઓ ડિઝાઈન દ્વારા વિવિધ ઉત્પાદનો શિપિંગ કરી રહ્યા છે કારણ કે તેઓ જાણે છે કે ગ્રાહક પાસે રીટર્ન વિકલ્પ નથી,'.

# ૫૦% સસ્તા બલ્બનું ઉદાહરણ આપતા X વપરાશકર્તાએ કહ્યું કે, ભારત એક સદી પછી પણ ઉત્પાદનમાં ચીન સાથે સ્પર્ધા કરી શકશે નહીં

## ચીની ઉત્પાદકો અલીબાબા જેવા પ્લેટફોર્મ દ્વારા ભારતમાં શિપિંગ સહિત ૩૧-૪૦ રૂા.માં બલ્બ લાવી શકે છે, જ્યારે ભારતીય બનાવટના બલ્બની કિંમત ૬૦-૭૦ રૂા. છે

મુંબઈ તા.૧૯

શા માટે ભારત એક સદીમાં પણ ઉત્પાદનમાં ચીનની બરાબરી કરી શકશે નહીં ? ચીનની તુલનામાં ભારતના ઉત્પાદન ક્ષેત્રે એક કઠોર વાસ્તવિકતાનો સામનો કરવો પડે છે. એક X વપરાશકર્તાએ દલીલ કરી હતી કે બંને રાષ્ટ્રો વચ્ચેનો ખર્ચનો તફાવત એટલો વિશાળ છે કે તે ક્યારેય અટકી શકશે નહીં. 9W LEDના બલ્બનું ઉદાહરણ આપતા, આ વપરાશકર્તાએ ધ્યાન દોર્યું કે ચીની ઉત્પાદકો, અલીબાબા જેવા પ્લેટફોર્મ દ્વારા, ભારતમાં બલ્બ ૩૧-૪૦ રૂપિયામાં શિપિંગ સહિત લેન્ડ કરી શકે છે, જ્યારે ભારતીય બનાવટના બલ્બની કિંમત ૬૦-૭૦ રૂપિયા હોય છે. આ વ્યક્તિએ X ઉપર લખ્યું કે, તમે http:// Alibaba.comની મુલાકાત લો છો, ત્યારે તમને દુઃખદ અનુભૂતિ થાય છે કે આપણે ચીનની બરાબરી કરી શકવાના નથી. ઓછામાં ઓછું આ સદીમાં તો નહીં. કદાચ આગામી સદીમાં પણ નહીં. ઉદાહરણ તરીકે, એક 9W LED બલ્બ છે. ભારતમાં, ભારતીય ઉત્પાદકો દ્વારા બનાવેલા એક બલ્બની કિંમત લગભગ ૬૦-૭૦ રૂપિયા છે. આ વ્યક્તિએ કહ્યું કે ચીન સ્થિત અલીબાબા ૧૬થી ૨૫ રૂપિયાના યુનિટ ભાવે અને ૧૫ રૂપિયાના શિપિંગ ખર્ચે ભારતમાં સમાન બલ્બ મોકલે છે. શિપિંગ ખર્ચનો સમાવેશ કર્યા પછી પણ, ચીની લોકો ભારતમાં બનેલા બલ્બ કરતા ૫૦% ઓછી કિંમતે ભારતમાં LED બલ્બ આપી શકે છે. અમારી વચ્ચેનો તફાવત એટલો વધુ છે કે આપણે આખા રશિયાને તેમાં સમાવી શકીએ છીએ. અન્ય એક સોશિયલ મીડિયા યુઝર, પ્રકાશ દદલાણી પણ સંમત થયા કે ચીન ઉત્પાદનમાં નોંધપાત્ર રીતે આગળ છે, પરંતુ તેઓએ આંકડાઓ ઉપર નજીકથી નજર નાખવાનું સૂચન કરતા કહ્યું કે, ઉત્પાદનમાં ચીન ખૂબ આગળ છે તે વાત ઉપર હું સંપૂર્ણપણે સંમત છું. પરિવહન ખર્ચમાં ખોટી ગણતરી હોઈ શકે છે કારણ કે ૨૫ રૂપિયા ખૂબ ઓછા લાગે છે. ભારતમાં ઉત્પાદન ખર્ચ ૪-૫ ગણો હોય તો તે શરમજનક છે, તાર્કિક રીતે તેનું કોઈ કારણ નથી. જો ખરેખર આ અંતર એટલું મોટું હોય તો તે ઉત્પાદનની આ લાઈનમાં પ્રવેશવાની સારી તક છે. દદલાણીએ સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવા માટે સંરક્ષણવાદી નીતિઓ અપનાવવાની પણ હિમાયત કરતા કહ્યું કે, ચીને પહેલા દિવસથી જ તેના અર્થતંત્રને આયાતથી સુરક્ષિત રાખ્યું છે. તેનાથી વિશાળ સ્થાનિક બજારના ટેકાથી તેમના ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે. ભારતે પણ આવા સમાન પગલાં લેવા જોઈએ.

### નવેમ્બરમાં બ્યુટીફીકેશન માટે ૧.૯૨ કરોડની મંજૂરી

# ઉનાળા પહેલાં જ આણંદનું લોટેશ્વર તળાવ સૂકાયું

## વરસાદી પાણી સૂકાઈ ગયા બાદ તળાવમાં નવું પાણી ભરવા બોરની વ્યવસ્થાના અભાવે તળિયું દેખાયુ



આણંદ, તા.૧૯

આણંદના લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે પાલિકા દ્વારા નવેમ્બર મહિનામાં રૂ.૧.૯૨ કરોડના કામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું છે. નવું પાણી ભરવા માટે બોરની વ્યવસ્થા ન હોવાથી તળાવ સુકાઈ જતાં તેમાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. ત્યારે તળાવમાં સત્વરે ચોખ્ખુ પાણી ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદ નગરપાલિકા દ્વારા તા.૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવેલી સામાન્ય સભામાં લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે રૂ.૧.૯૨ કરોડ તથા તળાવમાં ૬ મીની હાઈમાસ્ટ પોલ નાખવા માટે રૂ.૧૫ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા મહાનગરપાલિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી. જોકે, ઉનાળાની શરૂઆત પહેલા જ લોટેશ્વર તળાવમાં પાણી સુકાઈ જતાં તળિયું દેખાઈ રહ્યું છે. તેમજ તળાવમાં જંગલી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. દર વર્ષે તળાવના બ્યુટીફીકેશનના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને નેતાઓ ખાતમુહૂર્ત પણ કરે છે પરંતુ તળાવમાં પાણી ભરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની શરૂઆતથી જ તળાવ સુકાઈ જતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્યાં હતાં. તળાવમાં વરસાદી પાણી સુકાઈ ગયા બાદ ચોખ્ખુ પાણી ભરી, સહેલગાહનું સ્થળ બનાવવા તથા બોટિંગની સુવિધાઓ શરૂ કરવા શહેરીજનોએ માંગ કરી છે. આ અંગે મનપાના મુખ્ય ઈજનેર પીનલ સાંગાણીએ જણાવ્યું હતું કે, તળાવમાં વરસાદી પાણીના સંગ્રહ માટે નીક મૂકવામાં આવી છે. જેના થકી તળાવમાં પાણીનો સંગ્રહ થાય છે. નવું પાણી ભરવા માટે બોરનું આયોજન કરવામાં આવ્યું નથી. જેથી વરસાદી પાણી સુકાઈ જતાં તળાવ સૂકું થઈ જાય છે.

# નડિયાદમાં પત્ની સાથે આડાસંબંધનો વહેમ રાખી પતિએ મિત્રની હત્યા કરી

નડીયાદ તા.૧૯

નડિયાદમાં પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખીને પતિએ પોતાના મિત્રની લસુન્દ્રા હાઈવે ઉપર હત્યા નિપજાવી હતી. તેમજ પુરાવાનો નાશ કરવા લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. કઠલાલ પોલીસે બિનવારસી કાર અંગે તપાસ કરતા શખ્સે હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ પશ્ચિમમાં જય અંબે સોસાયટીમાં રહેતા અને ટ્રેક્ટરની ડીલરશીપનો ધંધો કરતા ધર્મેશભાઈ હસમુખભાઈ દરજી (ઉં.વ.૪૫)ને ગત તા.૧૫ ફેબ્રુઆરીની રાત્રે તેનો મિત્ર મેહુલ ભાનુભાઈ સુથાર ગાડીમાં બોલાવી ગયો હતો. લસુન્દ્રા હાઈવે ઉપર તેણે ગાડી ઉભી રાખતા બંને નીચે ઉતર્યા હતા. જ્યાં મેહુલે પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવા બાબતે ધર્મેશ સાથે બોલાચાલી કરી હતી. બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મેહુલે ધર્મેશભાઈના માથામાં પાવડાના લાકડાનો ડંડો મારી તેમની હત્યા કરી હતી. બાદમાં પુરાવાનો નાશ કરવા ધર્મેશભાઈની લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. જોકે, સોમવારે લસુન્દ્રા કેનાલ નજીકથી બિનવારસી કાર મળી આવતા કઠલાલ પોલીસે તપાસ હાથ ધરી હતી. કારમાંથી ધર્મેશનો મોબાઈલ અને લાકડાનો ડંડો મળી આવ્યા હતા. જેથી પોલીસે એફએસએલની ટીમ અને ડોગ સ્ક્વોડની મદદથી તપાસ હાથ ધરી હતી. તેમજ મેહુલની પૂછપરછ કરતા તેણે પોતાની પત્ની સાથે ધર્મેશને પ્રેમ સંબંધ હોવાનો વહેમ રાખીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે ધર્મેશના પત્ની નેહલબેન દરજીની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે મેહુલ સુથાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિદ્યાર્થીઓને બળજબરીથી કેમ્પસ બહાર કાઢી મૂકતાં વિવાદ

# ભુવનેશ્વરની યુનિવર્સિટીમાં નેપાળની વિદ્યાર્થિનીના આપઘાતથી છાત્રાઓમાં રોષ

## પીડિતાનો રૂમ સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે, પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે

ભુવનેશ્વર, તા.૧૯

ઓડિશાના ભુવનેશ્વરની કેઆઈઆઈટી યુનિવર્સિટીમાં બબાલ પેદા થઈ છે. ગર્લ્સ હોસ્ટેલમાં થર્ડ યર બી.ટેક (મિકેનિકલ)માં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિની પ્રકૃતિ લમ્સાલે રવિવારે રાત્રે કથિત રીતે આપઘાત કર્યો છે. આ ઘટનાના કેટલાક કલાક પછી યુનિવર્સિટીના વહીવટી તંત્રે એક વિવાદિત નિર્ણય લઈને તમામ નેપાળી વિદ્યાર્થીઓને તાત્કાલિક પરિસર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. નેપાળી વિદ્યાર્થીઓને ઉતાવળમાં સામાન પેક કરીને વગર ટિકિટે બસો અને ટ્રેનોમાં બેસાડીને રવાના કરી દેવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના આ નિર્ણયને લીધે વિદ્યાર્થીઓમાં અફરા-તફરી અને ભયનો માહોલ પેદા થયો છે. નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ દરમિયાનગીરી કરવી પડી છે. તેમણે નેપાળના દૂતાવાસથી બે અધિકારીઓને નેપાળના વિદ્યાર્થીઓના કાઉન્સિલિંગ માટે મોકલ્યા છે. આ દરમિયાન કેઆઈઆઈટી ડિમ્ડ યુનિવર્સિટીના અસંખ્ય વિદ્યાર્થીઓએ સોમવારે સવારે કોલેજની સામે ઉગ્ર દેખાવો કર્યા હતા અને આક્ષેપ લગાવ્યા હતા કે અધિકારીઓએ એક મહિના પહેલા મૃતક વિદ્યાર્થી નોંધાવેલી ફરિયાદની ધ્યાને લીધી ન હતી. પોલીસના અધિકારીઓના મતે પ્રથમ દૃષ્ટિએ આપઘાતનો મામલો છે. ભુવનેશ્વરના ડીસીપી પિનાક મિશ્રાએ કહ્યું કે આપઘાત માટે ઉશ્કેરવામાં કથિત ભૂમિકા નિભાવનાર આરોપી યુવક અદ્વિક શ્રીવાસ્તવની અટકાયત કરવામાં આવી છે. શ્રીવાસ્તવ કેટલાય મહિનાથી પીડિતાને પરેશાન કરી રહ્યો હતો. આ પરેશાનીને લઈને પીડિતા(વિદ્યાર્થિની) માનસિક તણાવમાં રહેતી હતી અને તેણીએ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ રિલેશન્સ (આઈઆર) વિભાગ પાસે મદદ માંગી હતી, પરંતુ પીડિતાને યુનિવર્સિટી તરફથી કોઈ મદદ મળી નહીં. આ મામલામાં મીડિયા કર્મીઓ સાથેની વાતચીતમાં કેઆઈઆઈટી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જ્ઞાન રંજન મોહંતીએ કહ્યું કે પીડિતા આરોપી સાથે સંબંધમાં હતી. એ પોતાના સાથી(આરોપી) સાથેના તણાવપૂર્ણ સંબંધોને લીધે તણાવમાં રહેતી હતી, જેના કારણે તેણીએ આ પગલું ભર્યું. પીડિતાનો રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

# કફ સિરપ ડ્રગ્સ કેસમાં ઈડીના અનેક રાજ્યોમાં દરોડા

## માદક દવાઓ લેવાની ટેવ ધરાવતા લોકો સીબીએસસીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે

નવી દિલ્હી, તા.૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ જણાવ્યું હતું કે ઉત્તરી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન તેણે એવા બે આરોપીઓની ધરપકડ કરી છે જે નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા દાખલ કરવામાં આવેલ માદક પદાર્થના એક કેસમાં વોન્ટેડ હતા. દરોડા દરમિયાન બે કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીએ કોડીન બેઝ્ડ કફ સિરપ (સીબીસીએસ)ના વેચાણ અને તેની ગેરકાયદે આવકમાં સંડોવાયેલા રઈસ એહમદ ભાટ અને અન્યથી સંબધિત કેસમાં જમ્મુ-કાશ્મીર, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં ૧૩ ફેબ્રુઆરીએ દરોડા પાડયા હતાં. એનસીબી દ્વારા સીબીએસસીના તસ્કરીના એક કેસમાં દાખલ કરવામાં આવેલ ફરિયાદ પછી ઈડી આ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. માદક દવાઓ લેવાની ટેવ ધરાવતા લોકો સીબીએસસીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે. ઉધરસની દવાની બ્રાન્ડ કોકરેક્સ હિમાચલ પ્રદેશના સિરમોરમાં તેના નિર્માતા વિદિત હેલ્થકેર પાસેથી ગેરકાયદે ખરીદવામાં આવી હતી. તેનો મેનેજિંગ પાર્ટનર હરિયાણાના પાનીપતનો રહેવાસી નીરજ ભાટીયા છે. એજન્સીએ દાવો કર્યો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન કંસલ ઈન્ડસ્ટ્રીઝ, કંસલ ફાર્માસ્યુટિકલ્સ, એન કે ફાર્માસ્યુટિકલ્સ, નોવેટા ફાર્મા અને એસ એસ ઈન્ડસ્ટ્રીઝ વિદિત હેલ્થકેર પાસેથી કફ સિરપ ખરીદી રહી હતી અને તેને ગેરકાયદેસર રીતે વિતરિત કરી રહી હતી. એન કે ફાર્માસ્યુટીકલ્સ અને અન્ય સંસ્થાઓએ ૨૦૧૯-૨૫ની વચ્ચે વિદિત હેલ્થકેરને ૨૦ કરોડ રૂપિયાથી વધુની ચુકવણી કરીને સીબીસીએસની ૫૫ લાખ બોટલ ખરીદી હતી.

# દિલ્હીમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓના ધસારા માટે ભાજપ જવાબદાર : રાશિદ અલ્વ

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસના નેતા રાશિદ અલ્વીએ ભારતમાં અને ખાસ કરીને દિલ્હીમાં થઈ રહેલા રોહિંગ્યા અને બાંગ્લાદેશીના ધસારા માટે ભાજપને જવાબદાર ગણાવ્યો હતો. કોંગ્રેસના નેતા રાશિદ અલ્વીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં પોલીસ ઉપર પૂરેપૂરો અંકુશ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને લેફ. ગવર્નર વીકે સક્સેના જ ધરાવે છે. મને એ બરાબર યાદ છે કે હરદીપસિંઘ પુરીએ નિવેદન કરીને એવું કહ્યું હતું કે અમે રોહિંગ્યાઓને રહેવા માટેની જગ્યા આપીશું, તો પછી આ માટે જવાબદાર કોણ એવો સવાલ અલ્વીએ કર્યો હતો. તેમણે ભાજપ દંભી હોવાનો આક્ષેપ કર્યો હતો અને બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીના સાથેના તેના સારા સંબંધો તરફ નિર્દેશ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તમે હસીનાને રાજ્યાશ્રય આપ્યો છે તો કોની સરકારમાં ગેરકાયદે બાંગ્લાદેશીઓ ભારતમાં ઘૂસી ગયા હતા? તમે એ સરકારના જ વડા હતા જે હસીનાને બિરયાની અને કોરમા ખવડાવી રહ્યા છો. આ કયા પ્રકારનો રાષ્ટ્રવાદ છે?

# ગાઝા ઈલેક્ટ્રિસિટી કંપનીને ઈઝરાયેલ યુદ્ધથી ૪૫ કરોડ ડોલરનું નુકસાન થયું








(એજન્સી) તા.૧૯


ગાઝા ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપનીએ અંદાજ લગાવ્યો છે કે ઘેરાયેલા પ્રદેશ ઉપર ઈઝરાયેલના યુદ્ધને કારણે વીજળી ક્ષેત્રને અંદાજે ૪૫૦ કરોડ ડોલરનું નુકસાન થયું છે, અને અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી દળોએ ઈરાદાપૂર્વક કંપનીના હેડક્વાર્ટર અને પાવર લાઈનો તેમજ તેના ૮૦ ટકા સાધનોનો નાશ કર્યો છે. તાજેતરમાં જારી કરાયેલા એક નિવેદનમાં, કંપનીએ ગાઝામાં યુદ્ધવિરામ કરાર ઉપર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું અને આ કરારને ગાઝા પટ્ટી અને સામાન્ય રીતે પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા મેળવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. કંપનીના પ્રવક્તા મોહમ્મદ થાબેતે જણાવ્યું કે વીજળી વિતરણ કંપની પાવર સેક્ટરમાં પુનર્વસન કાર્ય શરૂ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે, જેથી જટિલ સુવિધાઓ ફરીથી શરૂ કરી શકાય અને ગાઝા પટ્ટીમાં નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે રાહત સેવાઓ પૂરી પાડી શકાય. તેમણે જણાવ્યું કે કંપનીએ પહેલાથી જ પુનર્વસન યોજના તૈયાર કરી છે અને નુકસાન પામેલા પાવર નેટવર્કની જાળવણી અને પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સમારકામ શરૂ કર્યું છે, જે યુદ્ધ દરમ્યાન ખરાબ રીતે નુકસાન થયું હતું.

# 'ગિરનાર કલાપાત્રીક વર્કશોપ -૨૦૨૫' અંતર્ગત ખ્યાતનામ ૫૦ કલાકારોએ ૧૨૬ ચિત્રો બનાવ્યા

## જૂનાગઢના પ્રસિધ્ધ ચિત્રકાર રજનીભાઈ અગ્રાવતના માર્ગદર્શન હેઠળ શિવનિકેતન રૂપાયતન ભવનાથ ખાતે ત્રણ દિવસ સુધી કેમ્પ યોજાયો








જૂનાગઢ તા. ૧૯

ગરવા ગિરનારની ગોદમાં પ્રકૃતિના ખોળે જયારે વસંતની શરૂઆત થઈ રહી હોય ત્યારે ચિત્રકારો પણ પોતાના રંગ અને પીંછી દ્વારા આ નજારો પોતાના કેનવાસ પર ઉતારવા થનગની રહયા હોય છે. ત્યારે જૂનાગઢના પ્રસિધ્ધ ચિત્રકાર રજનીભાઈ અગ્રાવતના માર્ગદર્શન હેઠળ ૧૦ કલાકારોની ટીમ બનાવી ગુજરાતના દરેક જીલ્લામાંથી પ્રતિષ્ઠિત ખ્યાતિ પામેલા ૫૦ ચિત્રકારોને ત્રણ દિવસ સુધી શિવનિકેતન રૂપાયન રોડ ભવનાથ ખાતે બોલાવીને સુંદર મજાના કેમ્પનું આયોજન કરી અને જલરંગ તેમજ એક્રેલીક કલરના માધ્યમથી ૧૨૬ ચિત્રો બનાવડાવ્યા છે. આ ત્રણ દિવસ ચાલનારા કેમ્પમાં 'ગિરનાર કલા યાત્રિક વર્કશોપ-૨૦૨૫'ની ટીમે આવનાર ચિત્રકારોને ઉત્તમ પ્રકારની રહેવા તથા જમવાની વ્યવસ્થા કરી આપી હતી.

આ વર્કશોપમાં સુરતના રમણીકભાઈ જાપડીયા, વિદ્યાનગરના કનુભાઈ પટેલ, જયપુરના ચિત્રકાર શ્રીયવતકુમાર ટાંક અને નાગપુરના ચિત્રકાર બિજય બિશ્વાસએ દરરોજ ટેલીફોન દ્વારા પોતાના સંદેશ તેમજ શુભેચ્છાઓ અને માર્ગદર્શન આપેલ હતું.

મુખ્ય મહેમાન તરીકે રાજેન્દ્ર દિન્ડોરકર-વડોદરા, બલરાજભાઈ પાડલીયા-પોરબંદર, કમલભાઈ ગોસ્વામી-પોરબંદર, સુરેશભાઈ રાવલ-રાજકોટ અને સામાજીક કાર્યકર ભાવેશભાઈ વેકરીયા ઉપસ્થિત રહયા હતા.

જૂનાગઢમાં કલાની જયોત જગાવનાર ચિત્રકાર અને વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર અને આંતરરાષ્ટ્રીય કલાકાર ગુરૂશ્રી રાજેન્દ્ર વી. દિન્ડોડકર કે જેમણે ૧૯૯૨ થી ૧૯૯૬ સુધી જૂનાગઢના અનેક નવોદિત ચિત્રકાર તૈયાર કર્યા છે. તેમની રાહબર નીચે તેમના પનોતા શિષ્ય રજનીકાંત અને તેમની ટીમ દ્વારા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ ગોહેલ, અજય રાવલ, મધુસુદન ભુવા, જયેન્દ્ર પરમાર, ધર્મેશ પરમાર, હિતેન્દ્ર નાગાસ્તી, પાર્થ ભટ્ટી, મોહિત વાછાણી, નિખીલ દેવમુરારી અને ઓસમાણભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી અને બહારગામથી આવનારા ખ્યાતનામ ચિત્રકારોને જૂનાગઢમાં કોઈપણ પ્રકારની સુવિધા આપવી પડે તે માટે કટીબધ્ધ હતા.

આ વર્કશોપમાં પ્રથમ આવનાર કલાકારમાં સુરેશભાઈ રાવલ (રાજકોટ), દ્વિતીય અશ્વિનભાઈ ચૌહાણ (રાજકોટ), તૃતિય ઋતિક વ્યાસ (અમદાવાદ), બેસ્ટ મહિલા ચિત્રકાર વૈશાલીબેન પરમાર (વડોદરા), બેસ્ટ પુરૂષ ચિત્રકાર ભાર્ગવ પટેલ (વડોદરા) વિજેતા થયા હતા. ઉપરોકત વિજેતા ચિત્રકારોને કલર મટીરીયલ, શિલ્ડ અને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ હતા. તેમજ દરેક કલાકારને કલર બોટલ, બ્રસ, બેગ, સર્ટીફીકેટ, સ્કેચ બુક અને કેન્વાસ તેમજ હેન્ડબેગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવેલ હતા.

આ વર્કશોપમાં દરેક ચિત્રકારોને પોતે બનાવેલ કૃતિ પરત આપી હતી જે ચિત્ર કલાકારની અંગત મુડી છે. તેનો હકક ચિત્રકારનો જ છે તેમ સમજી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્કશોપ કરવા પાછળનો મુખ્ય હેતુ એ હતો કે બહારના કલાકારોને જૂનાગઢમાં કામ તો કરવું છે પરંતુ પોતાના કામને પ્રજા સમક્ષ મુકવા માટે જૂનાગઢમાં એક પણ આર્ટ ગેલેરી નથી, તે જૂનાગઢ માટે દુઃખદ બાબત ગણાય. આવનારા સમયમાં જૂનાગઢને સરકાર દ્વારા એક સુંદર આર્ટ ગેલેરી મળી જાય તેવા પ્રયત્નો ચાલી રહયા છે તેમ રજનીકાંત અગ્રાવતે જણાવેલ હતું.

# ભવનાથ શિવરાત્રીનાં મેળામાં લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા ભાવિકો માટે નિઃશુલ્ક ચા- નાસ્તાની અવિરત સેવાસ્ટોલ



જૂનાગઢ, તા. ૧૯

આગામી ૨૬ ફેબ્રુઆરીનાં શિવરાત્રીનું મહાપર્વ આવી રહ્યુ છે. આ પર્વે જૂનાગઢનાં આંગણે ભવનાથમાં યોજાતા શિવરાત્રીનાં મેળામાં ભારતભરમાંથી ભાવીકો ભવનું ભાથુ બાંધવા પધારતા હોય છે. ત્યારે ભાવીકોની સેવા સહુલીયત માટે અનેક અન્નક્ષેત્રો, સેવા સંસ્થાઓ અવિરત સેવાક્ષેત્રે કાર્યરત હોય છે. જૂનાગઢ મહાનગરપાલીકાનાં કમિશ્નર ઓમપ્રકાશ અને સઘળી ટીમ, જિલ્લા સમાહર્તા અનિલકુમાર અને વહીવટીતંત્રનાં અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ વિભાગનાં સુરક્ષા કર્મચારીઓ ખડેપગે સેવામાં કામ કરતા હોય છે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની, આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માહિતી ખાતુ અને પંચાયત વિભાગ, વન વિભાગનાં કર્મયોગીઓ રાઉન્ડધી ક્લોક સેવામાં પોતાનુ યોગદાન જોડતા હોય છે. પરિવહન માટે રેલ્વે અને ગુજરાત માર્ગ વાહન વ્યવહાર વિભાગ પણ આ દિવસોમાં સુંદર વ્યવસ્થા આયોજીત કરી યાત્રીકોને વધુ સંગીન સવલત પુરી પાડે છે. ત્યારે જૂનાગઢમાં વસતા લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટનાં યુવાનો દ્વારા દત્ત ચોકમાં ભાવીકોને દરરોજ નવા નવા પ્રકારનાં અલીમીટ નાસ્તાઓની ડીસ પીરતા રહેશે. મેળામાં એકપણ પળ બંધ રાખ્યા સિવાય અવિરત ચા સ્ટોલ કાર્યરત રહેશે. અત્રે ઉલ્લેખનિય છે કે મેળામાં ખોડીયાર રાસ મંડળ, આપાગિગાના ઓટલાનું અન્નક્ષેત્ર, વિવિધ ઉતારા મંડળનાં અન્નક્ષેત્રો મેળામાં પધારેલ ભાવીકોને મનભાવન ભોજન પિરસતા રહેશે, આવી જ રીતે લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ અને ભોજલરામ એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્રમાં દર વર્ષે લાખો ભાવીકોને ભોજન પિરસાતુ રહ્યુ હતુ. પરંતુ દત્ત ચોકમાં નાસ્તારૂપે જો ભોજન પીરસાય તો વધુ લોકોને જરૂરત મુજબ નાસ્તો મળે તેવા અનુભવે આ વર્ષે નાસ્તા અને ચાની સેવા શરૂ કરવામાં આવશે. આ માટે પરેશભાઈ ડોબરીયા, હરેશભાઈ કાવાણી, દિલીપભાઈ રાબડીયા, મનસુખભાઈ ક્યાડા અને લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટની ટીમ સેવા માટે તૈયાર છે. અને રોજે રોજ નવા નવા પ્રકારનાં નાસ્તાની ડીસ દ્વારા ભાવીકોને ભોજન સેવા થતી રહેશે.

# બ્રિક્સટન મોટરસાઈકલ અને વીએલએફ ઈલેક્ટ્રિક સ્કૂટર્સને લોન્ચ કરીને મોટો હાઉસએ અમદાવાદમાં વિસ્તરણ કર્યું

## કુણાલ મોટોરાડને ડીલરશિપ આપનાર મોટો હાઉસ ઓસ્ટ્રિયન મોટરસાઈકલ અને ઈટાલિયન ઈવીની રેન્જ પૂરી પાડે છે, જેનું બૂકિંગ અને ડીલિવરી શરૂ થઈ ચૂક્યાં છે




અમદાવાદ, ૧૯

કેએડબ્લ્યુ વેલોસ મોટર્સ પ્રા. લિ. (કેવીએમપીએલ)નું ઉદ્યમ મોટો હાઉસએ કુણાલ મોટોરાડની સાથે સહભાગીદારીમાં અમદાવાદમાં તેની ત્રીજી ડીલરશિપને લોન્ચ કરીને ભારતમાં વિસ્તરણ કરવાનું ચાલું રાખ્યું છે. આ વ્યૂહાત્મક પગલાંએ ભારતમાં મોટોહાઉસની હાજરીને વધુ સુદ્રઢ બનાવી છે અને તે શહેરના રાઈડરો માટે ઓસ્ટ્રિયાની પ્રીમિયમ બ્રિક્સટન મોટરસાઈકલ્સ અને ઈટાલિયન વીએલએફ ટેનિસ ઈવીને અમદાવાદમાં લઈ આવી છે.

હાઈ-પર્ફોમન્સ આપનારી બ્રિક્સટન મોટરસાઈકલ્સની રેન્જમાં ક્રોસફાયર ૫૦૦એક્સ, ક્રોસફાયર ૫૦૦એક્સસી, ક્રોમવેલ ૧૨૦૦ અને ક્રોમવેલ ૧૨૦૦ એક્સનો સમાવેશ થાય છે. મોટોહાઉસ દ્વારા હાલમાં જ લોન્ચ કરવામાં આવેલી આ વિશ્વ-વિખ્યાત મોટરસાઈકલ અસાધારણ કલાત્મકતા અને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. વીએલએફ ટેનિસ ઈલેક્ટ્રિક સ્કૂટર શહેરી વાહનચાલકો માટે વ્યવહારૂ અને ઈકો-ફ્રેન્ડલી સોલ્યુશન પૂરૂં પાડે છે.

બ્રિક્સટન આધુનિક સમયના સુરક્ષા ઉપકરણોની સાથે બહુઉપયોગિતાનું મિશ્રણ કરીને ઉત્સાહીઓની જરૂરિયાતને પૂરી કરે છે તથા એબીએસ, એલઈડી લાઈટિંગ, બ્રેમ્બો-પાવર્ડ જે. જુઆન બ્રેક સેટઅપ, સંપૂર્ણપણે એડજેસ્ટ કરી શકાતા કેવાયબી સસ્પેન્શન વગેરે જેવી વિશેષતાઓ ધરાવે છે. શહેરમાં ફરવાની વાત હોય, ટુર પર જવું હોય કે સાહસ ખેડવા નીકળી પડવું હોય આ બાઈક્સ સવારીના અજોડ અનુભવનો વાયદો કરે છે.

સસ્ટેનેબલ મોબિલિટી માટે રચવામાં આવેલા વીએલએફ ટેનિસ ઈલેક્ટ્રિક સ્કૂટર વજનમાં હલકી ફ્રેમ, મોટા ટાયર, કાઢી શકાય તેવી બેટરી અને ૧૩૦ કિમીની રેન્જ ધરાવતા ત્રણ રાઈડિંગ મોડ જેવી વિશેષતાઓ ધરાવે છે, જે તેને શહેરના સસ્ટેનેબિલિટીના લક્ષ્યોને સમર્થન પુરૂં પાડવાની સાથે-સાથે અમદાવાદના ભીડવાળા રસ્તાઓ પર ફરવા માટે એક આદર્શ વિકલ્પ બનાવે છે. કેવીએમપીએલ- મોટોહાઉસના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તુષાર શેલ્કેએ જણાવ્યું હતું કે, 'મોટોહાઉસમાં અમે અમારા પદચિહ્ન વિસ્તારવાની સાથે-સાથે ભારતમાં સવારીના અનુભવમાં પણ ધરમૂળથી પરિવર્તન લાવી રહ્યાં છીએ. અમારું લક્ષ્ય ભારતમાં વિશ્વ-સ્તરીય ટુ-વ્હિલર્સ લાવીને નવીનીકરણની સાથે વારસાને જોડવાનો છે.

અમારા દ્વારા ખોલવામાં આવેલી દરેક ડીલરશિપની સાથે અમે પર્ફોમન્સ, સસ્ટેનેબિલિટી અને ગ્રાહકોની સંતુષ્ટી માટેની અમારી કટિબદ્ધતાને વધુને વધુ સુદ્રઢ બનાવી રહ્યાં છીએ. અમદાવાદ અમારા માટે એક મહત્ત્વનું માર્કેટ છે અને અમને આશા છે કે અમે શહેરના બાઈકિંગ કલ્ચરનું અભિન્ન અંગ બની જઈશું.'

# કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૧૯

કોડીનાર નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં આજે મતગણતરીમાં ભાજપે તમામ બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવી છેલ્લા ૩૦ વર્ષથી ભાજપે કોડીનાર નગરપાલિકામાં પોતાનું દબદબો અને સતા જાળવી રાખવામાં ભવ્ય સફળતા મેળવી હતી, જયારે કોંગ્રેસ ખાતું ખોલાવવામાં નિષ્ફળ જતા કોંગ્રેસનો કારમા રકાસ સાથે પરાજય થયો છે.

કોડીનાર નગરપાલિકાનાં ૭ વોર્ડ ની ૨૮ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ ની ૪ બેઠકો બિનહરીફ થયા બાદ ૨૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે દિનુભાઈ સોલંકીના નેતૃત્વમાં તમામ ૭ વોર્ડમાં એકતરફી ભવ્ય વિજય મેળવી કોડીનાર નગરપાલિકામાં પોતાનું ૩૦ વર્ષનું એકચક્રી શાસન જાળવી રાખ્યું હતું. કોડીનારની જનતાએ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના નેતૃત્વમાં કોડીનાર શહેરમાં થયેલા અવિરત વિકાસના કામોને જોઈ લગભગ એકતરફી મતદાન કરી ભાજપને વિજયી બનાવી કોંગ્રેસને જાકારો આપતા ગઈ ટર્મમાં ૪ બેઠકો મેળવનાર કોંગ્રેસ આ ચૂંટણીમાં ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ નીવડી હતી. કોંગ્રેસના કોઈપણ ઉમેદવાર ભાજપના ઉમેદવારની નજીક પણ ના પહોંચતા અને કોંગ્રેસના તમામ ઉમેદવારો ૩ ડીજીટના આંકડામાં જ મત મળતાં કોંગ્રેસના અનેક ઉમેદવારોની ડિપોઝિટ ડુલ થાય તેવી શક્યતાઓ જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. જયારે આ ચૂંટણીમાં ભાજપ દ્વારા ૯ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતારાયા હતા જે તમામ ૯ ઉમેદવારો પણ જંગી બહુમતીથી વિજેતા થયા હતા. મત ગણતરી બાદ ભાજપ દ્વારા વિજય રેલી અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજય સરઘસ દરમિયાન સોમનાથ મંદિરમાં શીશ ઝુકાવી પાણી દરવાજા ખાતે વિજયી સભા યોજાઈ હતી. સભા બાદ ભાજપના અગ્રણી આગેવાનો પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, શિવાભાઈ સોલંકી સહિત તમામ વિજયી ઉમેદવારોએ કોડીનારમાં કોમી એકતા અને ભાઈચારાના પ્રતિક મોટા પીરની દરગાહમાં સલામી આપી ચાદર ચઢાવી કોમી એકતા અને ભાઈચારાના દર્શન કરાવ્યા હતા.




કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં આજે વિજેતા થયેલા ઉમેદવારો અને તેમને મળેલા મતોના આંકડાઓ નીચે મુજબ છે. વોર્ડ નં.૧ માં ઉમેદવારોને મળેલા મતો જોઈએ તો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અતુલકુમાર ગંગદેવ ૨૦૬૨, કાંતાબેન જાદવ ૧૮૮૨, રવેસિંહભાઈ ડોડીયા ૧૯૬૨, લલીતાબેન ડોડીયા ૧૮૫૦, વોર્ડ નં.૨ અસલમ ભાઈ ચોહાણ ૧૫૬૨, પુષ્પા બેન બારડ ૧૭૨૯, મનીષાબેન રાઠોડ ૧૭૬૨, મુકેશભાઈ સાખટ ૧૭૧૪, વોર્ડ નં.૩ કૈયુમ કાસમ જુણેજા ૨૦૮૧, મ.અનીસ સૈયદ હુસેન કાદરી ૧૮૬૪, વોર્ડ નં.૪ ઈકબાલખાન દાઉદખાન પઠાણ ૧૬૨૦, કોમલબેન નિલેષભાઈ ખીલવાની ૧૫૯૯, દીપક બાલુભાઈ દમણિયા ૧૭૧૭, લાભુબેન ગોપાલભાઈ ચુડાસમા ૧૫૨૯, વોર્ડ નં.૫ અવેશ અ.રઝાક કાદરી ૨૩૬૬, કવિતાબેન નરેન્દ્રકુમાર જાની ૨૩૩૪, મિસબા માજીદ બેલીમ ૨૧૬૨, વિવેક મનુભાઈ મેર ૧૯૯૫ વોર્ડ નં.૬, અલ્પાબેન મહેશભાઈ કામલીયા ૨૦૦૨, નારણભાઈ પ્રદીપભાઈ ડાભી ૧૯૪૪, ભારતીબેન રાજુભાઈ બાંભણીયા ૧૭૪૯, મનોજકુમાર દાનાભાઈ વાઢેલ ૧૬૭૫, વોર્ડ નં.૭ પ્રતાપભાઈ હમીરભાઈ સોલંકી ૨૪૩૬, જાવીદભાઈ યુસુફભાઈ જુણેજાએ ૨૩૮૪ મતો મેળવ્યા હતા.

## કોડીનાર પાલિકામાં ભાજપના તમામ ૯ મુસ્લિમ ઉમેદવારો વિજેતા થયા

કોડીનાર નગરપાલિકાનાં જાહેર થયેલા પરિણામોમાં ભાજપના નવે નવ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે કોંગ્રેસના એક માત્ર મુસ્લિમ ઉમેદવારે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં છેલ્લા ૪ ટર્મથી ભાજપના ૮ મુસ્લિમ ઉમેદવારો ચૂંટાઈ આવતા હતા, જો કે આ વખતે ભાજપે મુસ્લિમ સમાજમાં વધુ વિશ્વાસ રાખીને એક ટિકિટ વધુ ફાળવી ૯ ટિકિટ આપતા તમામ ૯ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. મુસ્લિમ સમાજે પણ ભાજપને ખોબે ખોબે મત આપ્યા હતા.

# જૂનાગઢની શ્રીમતી આર. એસ. કાલરિયા સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં બાળકો ઈન્ટરનેશનલ જી. કે. ઓલિમ્પિયાડમાં ઝળક્યાં



જૂનાગઢ, તા.૧૯ : કાલરીયા પ્રાયમરી સ્કૂલના અંગ્રેજી માધ્યમના ધો. ૧ થી ૮ ના ૧૭૪ વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ જી. કે. ઓલમ્પિયાડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ૨૬ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ ઓફ એક્સલેન્સ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડો દિનેશભાઈ ડઢાણીયા એકેડેમીક ડેપ્યુટી ડાયરેક્ટર નીરજભાઈ વાછાણી પ્રિન્સિપલ આસ્થાબેન નાવાણી અને શાળાના કોર્ડીનેટર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ સી.એ સવજીભાઈ મેનપરા જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી રતિભાઈ મારડિયા,મંત્રી શીરીષભાઈ સાપરિયા, મંત્રી કિશોરભાઈ મેંદપરા સહિત સંસ્થાના તમામ હોદ્દેદરો અને સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

# ગુજરાત પોલીસે ડેટા ડ્રિવન પોલિસિંગ ઉપર વિશેષ ભાર મુકી રાજ્યમાં બની રહેલા શરીર સંબંધી ગુનાઓ અંગે કર્યો બારીક અભ્યાસ

## ચાર મુખ્ય કમિશ્નરેટમાં બનેલા શરીર સંબંધી ગુનાઓ પૈકી ૪૫ ટકા ગુનાઓ સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી બન્યા હોવાનું ધ્યાને આવતા ગુજરાત પોલીસે ઘડ્યો ખાસ એકશન પ્લાન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

ડેટા ડ્રિવન પોલિસિંગ ઉપર વિશેષ ભાર મુકી રાજ્યમાં બની રહેલા શરીર સંબંધી ગુનાઓ અંગે ગુજરાત પોલીસ દ્વારા ઈ-ગુજકોપમાં ઉપલબ્ધ ડેટાનો બારીક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ડેટા આધારિત અભ્યાસમાં ક્રાઈમ ટ્રેન્ડ અને હોટ સ્પોટનું વિશ્લેષણ કર્યા બાદ ચાર મુખ્ય કમિશ્નરેટ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના ૩૩ અસરગ્રસ્ત પોલીસ સ્ટેશનોને ચિન્હિત કરવામાં આવ્યા છે, જ્યાં સાંજે ૬ થી રાત્રે ૧૨ દરમિયાન શરીર સંબંધી ગુનાઓ વધુ બન્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ બાબતને ગંભીરતાથી લઈ ખાસ એક્શન પ્લાનના ભાગરૂપે 'SHASTRA' (Sharir Sambandhi Tras Rokva Abhiyan) પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે, જે આ ગુનાઓને નિયંત્રણમાં રાખવા મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્યમાં બનતા વિવિધ ગુનાઓ તથા ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એનાલિસીસ કરી તેના ઉપર અંકુશ લાવવા ગુજરાત પોલીસ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે, ત્યારે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બનેલા શરીર સંબંધી ગુનાઓ અંગે ગુજરાત પોલીસ દ્વારા ડિટેઈલ એનાલીસીસ કરવામાં આવ્યુ તેમાં ધ્યાને આવ્યુ છે કે, સમગ્ર ગુજરાતમાં બનેલા કુલ શરીર સંબંધી ગુનાઓ પૈકી અંદાજે ૨૫ ટકા ગુનાઓ ચાર મહાનગરોમાં બન્યા છે. એટલુ જ નહિ, આ ગુનાઓ પૈકી ૪૫ ટકા ગુનાઓ સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બન્યા છે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદ શહેરના ૫૦ પોલીસ સ્ટેશન પૈકી ૧૨ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ શરીર સંબંધી ૫૦ ટકાથી વધુ ગુનાઓ બનતા હોવાનું અભ્યાસ દરમ્યાન ધ્યાને આવ્યુ છે. તે જ રીતે સુરત શહેરના કુલ-૩૩ પોલીસ સ્ટેશન પૈકી ૯ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, વડોદરા શહેરના કુલ-૨૭ પોલીસ સ્ટેશન પૈકી ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને રાજકોટ શહેરના કુલ-૧૫ પોલીસ સ્ટેશન પૈકી ૦૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૫૦ ટકાથી વધુ ગુનાઓ બનતા હોવાનું અભ્યાસમાં ધ્યાને આવ્યુ છે. ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા આ ડિટેઈલ એનાલીસીસને અંતે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે શરીર સંબંધી ગુનાઓને અંકુશમાં લેવા માટે હોટસ્પોટ બનેલા ચાર મહાનગરોના ૩૩ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHASTRA (Sharir Sambandhi Tras Rokva Abhiyan) પ્રોજેક્ટ અમલમાં મુકી "Evening Policing" ઉપર ખાસ ભાર મુક્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ, સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા વચ્ચે વિશેષ પોલિસિંગ ટીમો તૈનાત કરવામાં આવશે, જેથી શહેરોના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધુ મજબૂત બને. તે ઉપરાંત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના ૩૩ પોલીસ સ્ટેશનો, જ્યાં શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ ઉંચું છે, ત્યાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. SHASTRA ટીમો દરેક પોલીસ સ્ટેશન માટે નિશ્ચિત કરવામાં આવશે અને તેમનો રોલકોલ સાંજે ૮ વાગ્યાને બદલે દરરોજ સાંજે ૬ વાગ્યે લેવાશે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, "SHASTRA પ્રોજેક્ટ માત્ર ગુનાઓ ઉપર અંકુશ જ નહીં, પરંતુ શહેરના નાગરિકોને વધુ સુરક્ષિત મહેસૂસ કરાવવાનો પણ પ્રયાસ છે." ગુજરાત પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, જો આપની આસપાસ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરી સહયોગ આપશો.

**SHASTRA પ્રોજેક્ટ હેઠળના પોલીસ દ્વારા લેવાશે મહત્વના પગલા**

● સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા વચ્ચે સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ ટીમો તૈનાત કરાશે.

● પ્રતિબંધિત પ્રવૃત્તિઓ ઉપર દરોડા અને ફુટ પેટ્રોલીંગ વધારાશે.

● આ ૩૩ મુખ્ય પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ અને નાકાબંધી કરવામાં આવશે.

● સંદિગ્ધ વ્યક્તિઓ ઉપર ખાસ નજર રાખવામાં આવશે અને ૧૩૫ GP એક્ટ હેઠળ વધુ કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે.

● દરેક સંવેદનશીલ વિસ્તારમાં પોલીસની હાજરી વધુ મજબૂત બનાવાશે.

# માણાવદર પાલીકામાં કોંગ્રેસના સૂપડા સાફ થતાં ચકચાર મચી : ૨૮માંથી ૨૬ ભાજપ અને ૨ કોંગ્રેસ

## કોંગ્રેસની ૨ સીટો બંને મુસ્લિમ સમાજના ઉમેદવારો આબરૂ બચાવી

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૯

માણાવદર પાલીકા માં કોન્ગ્રેસ ના સૂપડા સાફ થતાં ચકચાર મચી ગઈ છે ૭ વૉર્ડ અને ૨૮ સભ્યિયો ની ચૂંટણી પરિણામ જાહેર થયેલ છે જેના થી અપસેટ સર્જાયો છે ૨૮ માંથી ૨૬ સીટો ભાજપ વિજેતા જાહેર થયા છે ૨ સીટો કોંગ્રેસ ની આવી છે

વૉર્ડ ૬ માં કોગ્રેસ પ્રમુખ શ્રી નિર્મળ સિંહ ચુડાસમા પેહલી વખત હાર્યા છે અત્યાર સુધી તેનો ગઢ ગણાતા વોર્ડ માં હારતા ચકચાર મચી જવા પામી છે ગત ચૂંટણી માં કોંગ્રેસ ને૧૫ બીજેપી ૧૨ એક અપક્ષ ઉમેદવાર હતા જવાહર ચાવડા યે કોંગ્રેસી નેતા માંથી ભાજપ માં જોડતા કોગ્રેસ સભીયો પણ બીજેપી માં બેસી ગયા અને સત્તા બીજેપી પાસે પાલિકામાં રહી. આ વખતે કોંગ્રેસ પક્ષના નેતાઓ સભાઓ ગજવી પણ કય ઉકાળી સકાય નહિ સંભા વખતેજ અંદાજ આવિજ્ઞો હતો કે કોંગ્રેસ ની નાવ ડૂબવાની છે થયું તેવુંજ ડૂબી પણ એવી કે કોગ્રેસ ના સૂપડા સાફ થઈ ગયા કે હવે ઊભી થવી મુશ્કેલ છે ખુદ કોંગ્રેસ ના ગઢ માં ગાબડાં પડતાં હોય તો બીજા કેમ જીતી સકે ? તે ચર્ચા થાય છે.

બીજેપી ને જીતાડવા કેન્દ્રીય નેતાઓ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી ની કામગીરી નામ અને કામ સાથે કાર્યકરો ની મેહનત રંગ લાવી છે. અગાઉ પણ બીજેપી આગેવાનો સંજયભાઈ કોરડિયા, લોખંડી આગેવાન દિનેશભાઈ ખટારિયા આ વિસ્તાર ના જંગી બહુમતીજીતી થી પૂર્વ મિનિસ્ટર ને હરાવ નાર બીજેપી ના સ્ન્છ અરવિંદભાઈ લાડાંની કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયા જેવા અનેક લોકો આ ચૂંટણી જીતવા જોડાયા હતા જનતા યે પણ એક હથ્થું સાશન આપી બીજેપી સરકાર માં વિશ્વાસ મૂક્યો છે. આજના ચૂંટણી પરિણામો કોંગ્રેસી નેતાઓ ઓનાં રાજકારણ ખતમ થઈ જાય તેવા આવિયા હોય તેવું લાગે છે કારણ ગઢ માં ગાબડાં પડ્યાં છે. આવુજ ગત ચૂંટણી માં ભાજપ સરકાર જનતા અને આગેવાનો દ્વારા પરિણામો આવિયાં હતા જેમાં વિધાનસભાની ચૂંટણી જવાહરભાઈ હાર્યા હતા. સાથે હાલ દગળ થી દિલ્હી બીજેપી નું સાશન સ્થપાયું છે પાલિકા, યાર્ડ, તા. પંચાયત, વિધાનસભા, સાંસદ બધે બીજેપી છે આવખતે ચૂંટણી અધિકારી શ્રી મકવાણા અને મામલતદાર શ્રી સુકલા દ્વારા સુંદર કામગીરી રહી છે ચૂંટણી દરમિયાન એક પણ મુશ્કેલી કે વાંધા કે વિરોધ વગર સુવ્યવસ્થિત રચના કરી અને મીશન પાર પાડ્યું હતું એક પણ ફરિયાદ ના ઉઠી ચૂંટણી લક્ષી કાબિલે દાદ કામગીરી થી તમામ પક્ષો જનતા યે હાશકારો અનુભવ્યો છે. આજે જનતા યે જંગી બહુમતી આપી છે ત્યારે તત્કાળ પ્રજાના પ્રશ્નો હલ થયા તેમ ઈચ્છે છે. બીજેપીનું વિજય સરઘસ નીકળ્યું હતું આગેવાનો આભાર વ્યક્ત કર્યો છે.



### બીજેપીના વિજેતા ઉમેદવારો

| | |
|---|---|
| વોર્ડ નં.૧ | ભાવનાબેન કાલરીયા-૯૩૮ |
| પૂજાબેન રાડા-૧૩૪૮ | વોર્ડ નં.૫ |
| વાલી બેબલાસ-૧૨૫૧ | કાજલબેન માંરડિયા-૯૬૦ |
| વેજાભાઈ વાઢેર-૧૨૬૧ | નિખિલ જટકિયા-૯૯૪ |
| સંજય દેકિવડિયા-૧૧૭૦ | રમાર્બેન બલાસરા-૭૮૫ |
| વોર્ડ નં.૨ | કોંગ્રેસના નીશાર ઠેબા-૮૨૦ |
| કિશોર વરું-૧૧૭૦ | વોર્ડ નં.૬ |
| જસમીનાબેન કાલરીયા-૧૦૯૭ | કિશન જાખલિયા-૧૦૧૫ |
| પારસબેન મકવાણા-૯૮૧ | ભરત શિદ્ ચુડાસમા-૯૯૫ |
| વિજય ફૂલેત્રા-૧૦૯૬ | ભારતીબા ચુડાસમા-૯૧૩ |
| વોર્ડ નં.૩ | આસુબેન્ન સોલંકી-કોંગ્રેસ-૯૪૪ |
| જીતુ પનારા - ૧૧૯૭ | વોર્ડ નં.૭ |
| જીજ્ઞાશાબેન ધ્રાંગા-૧૩૬૩ | ચંપાબેન પરમાર-૮૧૬ |
| પ્રવિણાબેન ચૌહાણ-૧૦૧૯ | ભાવેશ દેકીવડિયા-૮૪૧ |
| વિજય જોશી-૧૦૮૩ | મેથી બેન છેલાના-૮૪૬ |
| વોર્ડ નં.૪ | વિજય બાટવિયા-૭૭૯ |
| અનિલ રાઠોડ-૯૦૬ | બીજેપીના ૨૬ અને વોર્ડ ૫ |
| ધનજીભાઈ મેદપરા-૮૫૨ | અને ૬માં એક-એક કોંગ્રેસના |
| ધાનીબેન નંદનીયા -૮૩૫ | ઉમેદવાર જાહેર થયેલ છે |

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાજપના જ્વલંત વિજયને વધાવતા ખંભાળિયાના કાર્યકરો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

સમગ્ર રાજ્યમાં તાજેતરમાં યોજાઈ ગયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની ગઈકાલે મંગળવારે યોજાયેલી મતગણતરીમાં સમગ્ર ગુજરાતમાં કેસરિયો છવાયો છે અને ભાજપને નોંધપાત્ર સીટો સાથેની અનેરી સિદ્ધિ સાંપળી છે. ભાજપના આ ભવ્ય વિજયમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા, ભાણવડ તેમજ જુવાનપુર (તાલુકા પંચાયત)માં મળેલી નોંધપાત્ર બેઠકો સાથેની સિદ્ધિને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરોએ હોંશભેર વધાવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ મળેલી તોતિંગ બહુમતી સાથે ભાજપનો ભવ્ય વિજય થતા દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના વડપણ હેઠળ ખંભાળિયા શહેર ભાજપ દ્વારા ગત સાંજે અત્રે નગર ગેઈટ પાસે કાનજી ચતુ ધર્મશાળા ખાતે ફટાકડા ફોડીને આતશબાજી કરી, સૌના મોં મીઠા કરાવીને વિજયના વધામણાં કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને પિયુષભાઈ કણજારિયા, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, નગર પાલિકાના મોહિતભાઈ મોટાણી, જગુભાઈ રાયચુરા, અગ્રણી મુકેશભાઈ કાનાણી, અશોકભાઈ કાનાણી, ભવ્ય ગોકાણી, ભરતભાઈ મોટાણી, માનભા જાડેજા, હસુભાઈ ધોળકીયા, કે.ડી જોડ, રાજીવભાઈ ભુંડીયા, ભાવેશભાઈ મોટાણી, નીતિનભાઈ પીઠિયા, નીરવભાઈ ખેતિયા સહિતના આગેવાનો અને કાર્યકરોએ ઉપસ્થિત રહી ભવ્ય વિજયને વધાવ્યો હતો.

# ટીકાકારોને જૂનાગઢ હિત રક્ષક સમિતિનો વળતો જવાબ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ હિત રક્ષક સમિતિના કિરીટ સંઘવીએ એક યાદીમાં જણાવેલ છે કે, કોર્પોરેશનની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો જબરદસ્ત વિજય થયો તેની કોમેન્ટમાં ઘણાએ જૂનાગઢ હિત રક્ષક સમિતિ અને હોદેદારો વિશે કેટલીક યોગ્ય અને કેટલીક અણછાજતી કોમેન્ટ કરી એટલે મને લાગે છે કે થોડો ખુલાશો જરૂરી છે. સર્વ પ્રથમ અમોએ બાબત જણાવી દઈએ કે અમો કોઈ રાજકીય પક્ષ નથી કે કોઈ રાજકીય પક્ષના ટેકેદાર નથી. જૂનાગઢના હિતની રક્ષા કરવા માટે કેટલાક પ્રબુધ્ધ નાગરિકની બનેલી આ કમિટી છે. એક સભ્યની એવી કોમેન્ટ હતી કે એક અવેડો તોડવા સિવાય કોઈ કામ કરેલ નથી. અમે અવેડાનો પ્રશ્ન હાથ ઉપર એટલા માટે લીધો કે ત્યાં શાળાના દરવાજા પાસે પશુઓ એકઠા થતા હતા અને દરવાજો એકદમ સાંકળો છે આથી કોઈવાર પશુ ભડકે તો બાળકો માટે જીવલેણ સાબિત થાય. કમિશ્નરે પૂરી તપાસ કરી તોડવ્યો છે. બીજું કંઈ અમે કર્યુંનથી તેના જવાબમાં જણાવવાનું કે અમો અમારા પૈસે ગાંધીનગર સી.એમ.ને મળવા ગયા. ૨૦પેજનું લાંબુ આવેદનપત્ર આપ્યું તેની અસર થઈ વોંકળાના કાંઠે થયેલ ૧૯૭ બાંધકામો દૂર કરવા નોટીસ અપાય છતાયે કોર્પોરેશને વહાલા દવલાની નીતિ અપનાવતા મેઅને ધીરૂભાઈ પુરોહિતે જાહેર હિતની અરજી કરી જેમાં હાલમાં જ ગુજરાત હાઈકોર્ટએ હુકમ કર્યો છે. આ બધા માટે કોઈ અમોને પૈસા આપતું નથી. અમારા ખર્ચે કરીએ છીએ. ઘણા અમોને કોંગ્રેસના ટેકેદાર કહે છે તો ઘણા અમોને બીજેપીની 'બી' ટીમ કહે છે. જાહેર પ્રવૃત્તિ માટે ગાળો ખાવાની તૈયારી જ રાખવાની હોય પણ અમારી પ્રથમ સભાથી જ અમોએ જાહેર કર્યું હતું કે અમારે કોઈને ચુંટણી લડવી નથી પણ જૂનાગઢનું હિત જેના હૈયે હોય તેને અમારો ટેકો છે. છતાયે હિતેશ ઉદાણી હારી ગયા. લોકો જ સર્વોપરી છે. અમોએ નવી બોડીને પણ લોકોની ત્રણ મુખ્ય માંગણી અંગે જણાવેલ છે. લોક મત જાગૃત કરવા છેલ્લી મિટિંગ મતદાન કરવા અને કોઈ પણ પક્ષના યોગ્ય ઉમેદવારને મત આપવા જણાવેલ. રેલવેના ગરનાળા માટે અમોએ લાંબી ઝુંબેશ ચલાવી છે જેને પરિણામે હાલ રેલવે ઓવર બ્રિજ માટે સંમત કરાવેલ છે. હજુ પ્લાસવા-શાપુર માટે અમારા પ્રયાસો ચાલુ છે. છેલ્લા કેટલાક મહિનાથી મને માયયસ્થેનીયા ગ્રેવસના રોગનું નિદાન થતાં હું ૪ મહિના સુધી કાઈ પ્રવૃત્તિ કરી શકેલ નહિ. હજુ જૂનાગઢના હિત માટેની અમારી પ્રવૃત્તિ ચાલુ જ છે અને ચાલુ જ રહેશે તે ખાતરી આપીએ છીએ. હજુ ઘણા પ્રોગ્રામ અમારા પાઈપલાઈનમાં છે. પૈસાના અભાવે બધું ધીમું ચાલે છે. ગાંધીનગર ગાડી લઈને જયે તો એક વ્યક્તિને ૨૦૦૦ રૂપીયા જોઈએ. હાઈકોર્ટમાં એક પી.આઈ.એલ. કરવાની સામાન્ય વકીલની ફી ૧ લાખ છે. છતાયે અમો થાય તેટલું કરી રહ્યાં છે. લોકો અમોને ટેકો આપે તો આ કાર્ય થાય અને જૂનાગઢ એક આંતરરાષ્ટ્રિય ટુરિસ્ટ સેન્ટર બને તે માટે અમારા પ્રયાસો છે. અમારી ટીકાનો એટલો નમ્ર ખુલાશો છે તેમ અંતમાં જણાવેલ છે.

# જૂનાગઢની સેવાભાવી સંસ્થાના પ્રમુખ અને સેવાના ભેખધારી મનસુખભાઈ વાજાનો આજે જન્મદિવસ : અભિનંદનની વર્ષા






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ અને સેવાના ભેખધારી મનસુખભાઈ વાજાનો આજે જન્મદિવસ હોય તે નિમીતે શુભેચ્છકો, સ્નેહીમિત્રો દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. જૂનાગઢના એક કર્મનિષ્ઠ ચાર- ચાર દાયકાથી સેવાની અખંડ જ્યોત પ્રગટાવી છે એવા ધોબી સમાજના સામાન્ય પરિવારમાં માતા શાંતાબેનની કુખને ઉજળી કરનાર પિતા મણીભાઈ વાજાને ત્યાં કુલદીપકનો જન્મ તા.૧૯-૨-૬૧ના રોજ થયો હતો. ૧૯૮૨માં મનસુખભાઈ બીમાર પડતા સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા આ સમયે કર્મચારીઓની હડતાલ હતી અને એક દર્દીને સખત ભૂખ લાગી બીજા દર્દીઓની હાલત જોઈ પોતાના ખિસ્સાના ખર્ચે સાથે મિત્રોના સહયોગથી બિસ્કીટ લાવીને ખવડાવ્યા. તેના રાજીપાનો પાર ન રહ્યો. ત્યારથી તેણે મનોમન નક્કી કર્યું કે મારે જીવનમાં કાંઈક વિશેષ બીજાના કરતા અલગ જીવી જાણવું છે અને સમાજ સેવા કરવી છે. સમય જતા મનસુખભાઈને પણ કોર્ટમાં ટાઈપિસ્ટની નોકરી મળતા પુરા જીવનની દિશા બદલાઈ ગઈ. સરકારી નોકરી મળી ગયા બાદ જીવન સ્થિર બન્યું. ૧૯૮૨માં સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટના નામે માં સ્થાપના કરી. તેઓ આજે પણ સંસ્થાના પ્રમુખ પદને શોભાવે છે, જેના દ્વારા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દરિદ્રનારાયણ ભોજન સેવા, જરૂરિયાતમંદને તબીબી આર્થિક સહાય, વૃદ્ધ નિકેતનમાં વૃદ્ધોની સેવા, રાહત દરે ચોપડાનું વિતરણ, ૩૯ વર્ષથી સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન, ATM(એનીટાઈમ મેરેજ) લગ્ન, અત્યાર સુધીમાં ૨૦૦૦ જેટલી દીકરીઓને કરિયાવર આપી સાસરે વળાવેલી છે, ૨૬ વર્ષથી સર્વ જ્ઞાતિ વિદ્યાર્થી સન્માન સમારોહ, અંધ દીકરીઓને વિનામૂલ્યે છાત્રાલયમાં રાખીને શિક્ષિત બનાવી અને તેના લગ્ન સુધીની સંભાળ લેવી. ગરીબ કુટુંબોને તહેવારના દિવસોમાં મીઠાઈ-ફરસાણનું વિતરણ, જૂનાગઢ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર શૌચાલય બનાવ્યા, પીકઅપ સ્ટેન્ડ બનાવ્યા, સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, કુદરતી આફત સમયે લોકોને ભોજન અને રાશન કીટ તથા કપડાનું વિતરણ, ૧૦૦થી વધુ બહેનોને વિનામૂલ્ય સીલાઈ મશીન અર્પણ કર્યા, વિનામૂલ્યે મેડિકલ સાધનો, અપંગોને ટ્રાઈસીકલ વ્હીલ ચેર, આવી અનેકવિધ સેવાનો ભેખધારી અને પોતાના મનને હંમેશા રાજી અને સુખ દેનારો એટલે "મનસુખ". સાથે-સાથે તેઓ શ્રી વૃદ્ધ નિકેતનના પ્રમુખ, સમસ્ત હિંદુ ધોબી સમાજ યુવક મંડળ જૂનાગઢના પ્રમુખ, પાંજરાપોળ ગૌશાળાના ટ્રસ્ટી, જગન્નાથ રથ સેવા સમિતિના મંત્રી, કો. કો. બેંક જૂનાગઢના ડાયરેક્ટર, રેલ્વે કન્સલ્ટન્ટ કમિટી જૂનાગઢના સભ્ય, પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ અંધ કન્યા છાત્રાલયના પ્રમુખ, મહિલા આશ્રય સ્થાન જૂનાગઢના પ્રમુખ, શ્રી મયારામ આશ્રમ ટ્રસ્ટના ટ્રસ્ટી, ટ્રાફિક બ્રિગેડ પોલીસ જૂનાગઢના ટ્રસ્ટી, મહિલા કાનૂની સમિતિના સભ્ય, જિલ્લા રોગી કલ્યાણ સમિતિમાં સભ્ય આવી ૧૨ જેટલી સંસ્થાઓમાં પોતાનું સ્થાન શોભાવે છે. તેઓ પરિવારજનો સાથે ઓછો અને સેવા કાર્યમાં વધુ સમય ફાળવતા હોય છે.

આ કાર્યમાં તેમના ધર્મપત્ની ઉષાબેન અને પુત્ર કેવલ જે રાજકોટ કોર્ટમાં સ્ટેનોગ્રાફર તરીકે સેવા બજાવે છે. દીકરી ખ્યાતિ સાસરે છે અને સુખી છે, પુત્રવધુ જાન્વી, પૌત્રી કેશવી દાદાની લાડલી છે. આ બધા જ પરિવારજનોના સહકાર થકી મનસુખભાઈ વાજાની સેવાની જ્યોત છેલ્લા ચાર દાયકાથી અખંડ અને પ્રજવલિત છે. સેવાના ભેખધારી મનસુખભાઈ વાજા (મો.૯૯૨૫૧ ૪૨૦૮૮)નો આજે જન્મ દિવસ છે તે નિમિતે શુભેચ્છકો દ્વારા તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# ભાણવડના રાણપર ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઝડપાયા





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. શક્તિરાજસિંહ જાડેજા તેમજ સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાણપર ગામે વિદેશી દારૂ અંગેનો દરોડો પાડવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં રૂપિયા ૪૬,૮૦૦ની કિંમતની જુદી જુદી બ્રાન્ડની ૭૨ બોટલ વિદેશી દારૂ તેમજ રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬૬,૮૦૦ ના મુદ્દામાલ સાથે રાણપર ગામે રહેતા કરસન સમાજની વાડીની બાજુમાં લાલપુર રોડ ઉપર રહેતા રવિ અશોકભાઈ ધેડીયા નામના ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ, આ અંગે ભાણવડ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં રૂપામોરા વિસ્તારમાં રહેતા બબા કરસન અને રાણપર ગામના ભોજા જેસા કોડીયાતર અને કાના પાંચા કોડીયાતર અને બાવન માંડા કોડીયાતર તેમજ ખંભાળિયામાં સતવારા જેસા કોડીયાતરના નામ પણ ખુલવા પામ્યા છે. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૬૬,૮૦૦ ના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની અટકાયત કરી, અન્ય ત્રણને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં વધુ તપાસ પી.એસ.આઈ. એમ.ડી. મકવાણા ચલાવી રહ્યા છે. આ સમગ્ર કાર્યવાહી ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ, પી.એસ.આઈ. એમ.ડી. મકવાણા તેમજ સ્ટાફના શક્તિરાજસિંહ જાડેજા, સુખદેવસિંહ જાડેજા, ભાવિનભાઈ સચદેવ અને ગોવિંદભાઈ ડુવા દ્વારા કરવામાં આવી હતી.

